મુંબઈ ઇલાકાના એજ્યુકેશનલ ડિરેક્ટર સાહેબે પબ્લિક લાયબ્રેરીઓ

માટે મંજુર કરેલી.

સિંધપ્રાંતની ભૂગોળ.

કર્તા

હેમનદાસ સુખરામદાસ લોડા,

લેટ હેડમાસ્ટર,

હેમનદાસ એસ. લોડા મ્યુનીસીપાલ-ગુજરાતી સ્કુલ કરાચી

ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ ૧૯૦૧ નાં નવાં ધોરણ પ્રમાણે

સુધારા અને ફેરફાર સાથે.

છઠ્ઠી આવૃત્તિ ૨,૦૦૦ પ્રત.

છપાવી પ્રસિદ્ધ કરનાર ચેલારામ એચ. લોડા

શ્રી "નેશનલ" પ્રેસમાં છાપ્યું.

સન ૧૯૧૮.

કિંમત ૮ આના

VISIT…

LANZAROTE
Caliente.COM


પંડીત

Sanctioned by the Director of Public Instruction Bombay.

GEOGRAPHY OF SIND

IN GUJARATI

BY.

HEMANDAS SUKHRAMDAS LODA.

LATE HEAD MASTER.

HEMANDAS S. LODA MUNICIPAL,

Gujarati School Karachi.

REVISED AND ENLARGED TO MEET THE REQUIREMENTS OF GRANT-IN-AID CODE 19[illegible]1.

PUBLISHED BY CHELLARAM H. LODA,

Sixth Edition – 2,000 Copies.

KARACHI.

THE NATIONAL PRESS.

1918.

Price 8 Annas.

મુંબઇ ઇલાકાના મેહેરબાન ડિરેક્ટર આફ પબ્લિક ઇન્સટ્રક્શન
સાહેબે મંજુર કરેલી.

સિંધપ્રાંતની ભૂગોળ.

કર્તા

હેમનદાસ સુખરામદાસ લોડા,

લેટ હેડમાસ્ટર,

હેમનદાસ એસ. લોડા મ્યુનીસીપાલ-ગુજરાતી સ્કુલ કરાંચી.

આન્ડ-ઇન-એડ કોડ ૧૯૦૧ નાં નવાં ધોરણ પ્રમાણે
સુધારા અને ફેરફાર સાથે.

છઠી આવૃત્તિ—૨,૦૦૦ પ્રત.

છપાવી પ્રસિદ્ધ કરનાર ચેલારામ એચ, લોડા.

ધી "નેશનલ" પ્રેસ—કરાંચી.

સંન ૧૯૧૮.

કિંમત ૮ આના.

પ્રસ્તાવના.

આજ પર્યંત સિંધ પ્રાંતની જુદી ભુગોળ ગુજરાતી ભાષામાં ન હોવાથી આ પ્રાંતની ગુજરાતી નીશાળોમાં હોપકૃત ભુગોળનાં મૂળતત્વ ભાગ ૧ લામાંથી એ વિષય શીખવવામાં આવતો. પરંતુ એ પુસ્તકમાં તેનું સવિસ્તર વર્ણન ન હોવાથી શિક્ષકોને ઘણી અડચણો પડતી. બાળ કેળવણીના સતત વદ્ધિ પામતા સુધારાના સમયમાં આ ખામી દુર કરવાના આશયથી મેં આ લઘું પુસ્તક તઇયાર કરી અત્રેના મેં, એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ મારફત મેં, ડિરેક્ટર ઑફ પબ્લિક ઇનસત્રકશન સાહેબ તરફ મોકલાવ્યું. એ તેઓ સાહેબે ટેક્સ બુક તરીકે મંજુર કર્યું; એ હુકમ અત્રેના મે, એ, ઇ. સાહેબ તરફથી મળતાં બનતી ત્વરાથી આ પુસ્તક બહાર પાડ્યું છે.

હેમનદાસ સુખરામદાસ લોડા,

હેડમાસ્તર ગુજરાતી સ્કૂલ નં ૧ કરાચી.

કરાંચી તારીખ મે ૧૯૦૧.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ આવૃત્તિ બહાર પાડતી વખતે ગ્રાન્ટ–ઇન–એડ કોડ ૧૯૦૭ મુજબ ધોરણ બદલાઇ ગયેલાં હોવાથી તેમજ સિંધના જિલ્લાઓમાં પણ ફેરફાર થઇ ગયેલો હોવાને લીધે નવાં ધોરણોની અગત્યતા મુજબ ફેરફાર કરી શિક્ષકો અને વિદ્યાર્થીઓને પડતી અગવડ દૂર કરવાને અત્રે પ્રયાસ લીધો છે. લખાણ બહુ વધી ન પડે માટે કરાંચી જિલ્લા સિવાયના બીજા જિલ્લાના તાલુકાઓના તપાનાં નામ આપ્યાં નથી. તો પણ ઘણી ખરી ગુજરાતી નિશાળો કરાંચી જિલ્લામાંજ હોવાથી એ જિલ્લાના પ્રત્યેક તાલુકાના તપાનાં નામ તે તે સ્થળે આપ્યાં છે કે જેથી બીજા ધોરણને તાલુકાની ભુગોળ શીખવતી વખતે પડતી અગવડ દુર થાય.

કરાચી,
ગુજરાતી સ્કુલ નં૦ ૨
તા૦ ૧૮ મી અકટોબર
૧૯૦૭.

હેમનદાસ સુખરામદાસ લોડા,
હેડમાસ્તર.

આ ભુગોળમાં વાપરેલા અંગ્રેજી શબ્દોની સમજુતી.

કમીશનર—સિંધ પ્રાંતનો મુખ્ય અમલદાર.

કલેકટર કે ડિસ્ટ્રીક્ટમાજિસ્ટ્રેટ—જિલ્લાનો મુખ્ય અમલદાર.

આસિસ્ટન્ટ કલેકટર કે ડેપ્યુટી કલેકટર—જિલ્લાના પેટા ભાગનો મુખ્ય અમલદાર.

હજુર ડેપ્યુટી કલેકટર—જિલ્લાના ખજાનાનો મુખ્ય અમલદાર.

રેવન્યુ સરવે ઓફીસર—માપણી ખાતાનો અમલદાર.

પોલિટીકલ એજંટ—રાજા રજવાડામાંથી ખંડણી વસુલ કરનારો અમલદાર.

રેવન્યુ—જમાબંધી અથવા વસુલાત.

પોલીસ—ગામ સંભાળવા માટે રાખેલી ફોજ.

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ—જિલ્લાની પોલીસનો મુખ્ય અમલદાર.

પોલીસ ઇન્સ્પેક્ટર—ફોજદાર, કે મોટા શહેર કે તાલુકાની પોલીસનો ઉપરી.

સદર કોર્ટનો જડજ—સિંધના ન્યાય ખાતાનો ઉપરી અમલદાર.

ડસ્ટ્રીક્ટ જડજ—જિલ્લાનો મુખ્ય ન્યાયાધીશ.

આસિસ્ટન્ટ જડજ—જડજને મદદ કરનાર અમલદાર.

માજીસ્ટ્રેટ—ફોજદારી નાના ગુન્હા કરનારાઓનો ન્યાય કરનાર અમલદાર.

સબોર્ડિનેટ જડજ—જિલ્લાના પેટા વિભાગમાં દિવાની દાવાના ફેસલા કરનાર ન્યાયાધીશ જેના ફેસલા ઉપર જિલ્લાજડજ પાસે અપીલ થાય છે તે.

સ્મોલકોઝ કોર્ટ—મોટાં શહેરોમાં દિવાની નાની રકમોના કજીઆના ફેસલાઓની અદાલત; ત્યાંના જડ. જેના ફેસલા ઉપર અપીલ થતી નથી.

સબડિવિઝન—જિલ્લાનો પેટાભાગ.

ઇંજિનીયર—રસ્તા, તળાવ, નહેરો, ધર્મશાળા, વગેરે સરકારી બાંધકામનો ઉપરી અમલદાર.

સિવિલ સરજન—જિલ્લાનો મુખ્ય ડાક્ટર.

આસિસ્ટન સરજન—સિવિલ સરજનને મદદ કરનાર ડાક્ટર.

હોસ્પિટલ આસિટન—વઇદક શાળામાંથી વઇદક જ્ઞાન મેળવી પાસ થયેલ ડાક્ટર જે સિવિલ સરજન તથા આસિસ્ટન્ટ સરજનને મદદ કરે છે તે.

હોસ્પિટલ—દવાખાનું.

મ્યુનિસિપાલિટી—શહેર સુધરાઇ ખાતું.

લોકલ ફંડ—જમીનના વેરા ઉપર દર સેંકડે (૫) ટકા કે દર રૂપિએ એક આનો લેવામાં આવે છે તે રકમ.

લોકલ બોર્ડ—લોકલ ફંડની વ્યવસ્થા કરનારી મંડળી.

એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર—પ્રાંતના કેળવણી ખાતાનો મુખ્ય અમલદાર,

મેલ ટ્રેનિંગ કોલેજ—પુરૂષ શિક્ષક શાળા.

ફ્રમેલ ટ્રેનિંગ કોલેજ—સ્ત્રી શિક્ષક શાળા

એગ્રીકલ્ચર સ્કુલ - ખેતીવાડી સંબંધી જ્ઞાન આપનારી શાળા.

ઇંજિનીયરીંગ સ્કુલ—રસ્તા, તળાવો નહેરો વગેરેનાં બાંધકામ સંબંધી જ્ઞાન આપનારી શાળા.

ટ્રાફ્રિક સુપરિન્ટેન્ડેન્ટ - રેલ્વેના વેપારનો ઉપરી અમલદાર.

જંકશન—જ્યાં બે અથવા વધારે રેલ્વે ગાડીઓ આવીને મળે છે તે જગા.

રીફ્રેશમેન્ટ રૂમ—આસાએશ અને નાસ્તાપાણીની જગા.

કેન્ટોન્મેન્ટ—છાવણી.

વર્ક શોપ—ગાડીઓ વગેરે બાંધવાનું ઠેકાણું.

કટલરી—છરી કાંટા વગેરે સામાન.

સિંધપ્રાંતની ભુગોળ.

ભૂગોળ વિદ્યા.

પૃથ્વીના પૃષ્ઠઉપરની રચનાના વર્ણનને ભૂગોળવિદ્યા કહે છે.

પૃથ્વીનો આકાર વગેરે.

પૃથ્વી ગોળાકાર છે; તેનાં પ્રમાણેઃ—

૧ જે લોકો વહાણમાં બેસી પૃથ્વી પ્રદક્ષિણા કરે છે, તેઓ જે જગાએથી જે દિશાએ નીકળ્યા હોય તેજ દિશા કાયમ રાખ્યાથી તેજ જગાએ ફરી આવે છે.

૨ જ્યારે સપાટ જણાતા સમુદ્ર ઉપર કોઈ વહાણ બંદરમાંથી હંકારે છે ત્યારે તેના સઢ, કૂવા વગેરે ભાગો એક પછી એક એમ અનુક્રમે દેખાતા બંધ થાય છે.

૩ ચંદ્રગ્રહણ થાય છે ત્યારે ચંદ્ર ઉપર પૃથ્વીની છાયા પડે છે, તે ગોળ હોય છે.

૪ પૂર્વ ભણીના દેશો કરતાં પશ્ચિમ ભણિના દેશોમાં સૂરજ મોડો* ઊગે છે.

પૃથ્વીની સપાટી ઉપર પાણી અને કોરી જમીન બે છે. તેના ૪ ભાગ કરીએ તો લગભગ ૩ ભાગ પાણી છે. અને બાકીની કોરી જમીન છે.

---

* મદ્રાસમાં સૂરજ ઊગે છે તે કરતાં કરાંચીમાં પર મિનિટ મોડો ઊગે છે એટલે લગભગ ૧ કલાક મોડો ઊગે છે.

દિશાઓ.

જે દીશામાં સુરજ ઊગે છે તેને પૂર્વદિશા કહે છે. તેની સામે જયાં આથમે છે તેને પશ્ચિમ દિશા કહે છે, આપણે જો પુર્વ દિશા રફ મોઢું કરી ઉભા રહીએ તો આપણા જમણા હાથવાળી બાજુ તે દક્ષિણદિશા અને ડાબા હાથવાળી બાજુ ઉત્તરદિશા થશે. *

કોણ એટલે ખૂણા—ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો તે ઇશાન કોણ, પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેનો અગ્નિકોણ, દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો નઈરૂત્યકોણ અને પશ્ચીમ તથા ઉત્તરની વચ્ચેનો વાયવ્ય કોણ કહેવાય છે.

નકશા અને તેની દિશાઓ.

પૃથ્વીની કે તેના કોઇ પણ ભાગની ચીત્રેલી નકલી સુરત કાગળ કે કપડા વગેરેપર દેખાય તેને નકશો કહે છે,

નકશા એવી રીતે કાઢેલા હોય છે કે તેની ઉપરની બાજુ ઉત્તર અને નીચેની બાજુ દક્ષિણદિશા થાય, તથા નકશાની સામે ઊભા રહેતાં જમણા હાથ તરફની બાજુ પૂર્વ અને ડાબા હાથ તરફની બાજુ પશ્ચીમદિશા થાય,

* દિશા પારખવાની ઉપર મુજબની સમજ તા. ૧૨ મી માર્ચ અને ૨૩ મી સપ્ટેમ્બરને દિવસે બરાબર છે; પણ ડિસેમ્બર મહિનામાં જે જગાએ સુર્ય ઉગે છે તે બરાબર પુર્વદિશામાં નથી. માટે રાત્રે ઉતરધ્રુવના તારા તરફ મુંખ રાખી જે દિશા તરફ આપણે જોઇએ તે ઉતર દિશા પીઠ ભણીની દિશા તે દક્ષિણ, જમણા હાથ તરફની પુર્વ, અને ડાબા હાથ તરફની પશ્ચિમ.

સિંધ પ્રાંત.

સામાન્ય વર્ણન.

હિંદી દ્વીપકલ્પની પશ્ચિમ બાજુએ મુંબઈ ઇલાકાનો આંકડો મુલક છે. તેનો સિંધ એક ઉતર તરફનો ફળદ્રુપ ભાગ છે; તે ઇ. સ. ૧૮૪૩ માં અંગ્રેજ સરકારે સિંધના અમીરો પાસેથી જીતી લીધો છે. સિંધદેશ સિંધુ નદીના બન્ને કાંઠાપર આવેલ છે આથી તેનું નામ સિંધ પાડયું છે.

સીમા.

ઉત્તરે—બલુચિસ્તાન, કલાત, પંજાબ અને ભાવલપુરનો કંઈ ભાગ છે. **પુર્વે**—ભાવલપુર, જેસલમીર અને જોધપુર. **દક્ષિણે**—કચ્છનું રણ અને આરબી સમુદ્ર **પશ્ચિમે** બલુચિસ્તાન અને હાલા પર્વત છે.

વિસ્તાર વગેરે.

ઉતરમાં કશ્મોરથી દક્ષીણમાં કોહરીક્રાટ સુધી એ પ્રાંતની લંબાઇ ૩૪૦ માઇલ છે; અને પશ્ચિમે રાસલઆરાથી પુર્વમાં રાવતસર સુધી પહોળાઇ ૨૬૦ માઇલની છે. વસ્તી* ૩૫૧૨૪૩૫ માણસની છે.

આ પ્રાંતનું ક્ષેત્રફળ સુમારે ૫૭૦૦૦ ચોરસમાઇલ છે; તેમાંથી સુમારે ૬૦૫૦ ચોરસમાઇલ ખેરપુરના દેશી રાજ્યનું અને બાકીનું સુમારે ૫૦૯૫૦ ચોરસમાઇલ અંગ્રેજી રાજ્યનું છે.

---

* આ અને હવે પછીના વસ્તીના આંકડાઓ ઇ. સ. ૧૯૧૧ ના વસ્તી પત્રક મુજબ નોંધેલા છે.

. એનો ⅞ ભાગ મુસલમાનો અને બાકીના — ભાગમાં હિંદુ પારશી, યુરોપ્યન ખ્રિસ્તી અને યહુદી વગેરે છે.

આ પ્રાંતની આબો હવા સારી છે. ઉત્તર ભાગમાં ગરમી અને ઠંડી ઘણી પડે છે. મધ્ય ભાગમાં ગરમી તથા ઠંડી ઉતર ભાગ કરતાં ઓછી અને દક્ષિણના ભાગથી વધારે છે. પણ દક્ષિણ ભાગમાં ઘણું કરીને ગરમી અને ઠંડી બન્ને સાધારણ છે.

આ પ્રાંતની ભાષા સિંધી છે પણ ઉત્તર તરફ કોઇ કોઈ ઠેકાણે બલુચિ પણ બોલાય છે.

આ પ્રાંતમાં મુસલમાનોની વસ્તી ઘણી છે. તેઓ સુની ધર્મના છે. બાકીના હિંદુઓ વઈશ્નવ, જૈન, શઈવ, રામાનુજ, નાનકપંથી, શકિતપંથી અને દરિઆપંથી છે; વળી મોટાં શહેરોમાં પારશીઓ ખ્રીસ્તીઓ, વગેરે જાતો પણ રહે છે.

સિંધ પ્રાંતના ભાગો અને તેના અમલદારો.

પ્રાંત—ઇલાકાના મોટા ભાગને **પ્રાંત** કહે છે; આ પ્રાંતના મુખ્ય અમલદારને **કમિશનર** કહે છે.

પ્રાંતમાંના ઇંગ્રેજી ખાલસા મુલકના ભાગોને **જિલ્લા** કહે છે; જિલ્લાના મુખ્ય અમલદારને **કલેકટર** કે **ડિસ્ટ્રિ-કટ માજિસ્ટ્રેટ** કહે છે.

જિલ્લાના વિભાગને **સબડિવિઝન** કહે છે; સબડિ-વિઝન જે અમલદારના તાબામાં રહે તે અમલદારને **આસિસ્ટન્ટ કલેકટર** કે **ડેપ્યુટિ કલેકટર** કહે છે.

સબડિવિઝનના પેટા વિભાગને **તાલુકો** કહે છે; તાલુકાના મુખ્ય અમલદારને **મુખ્ત્યારકાર** એટલે **આમલતદાર** કહે છે.

પ્રાંતમાંનો જે મુલક દેશી રજવાડાની સત્તા હેઠળ હોય તેને સંસ્થાન કહે છે, સંસ્થાનની ખંડણી વસુલ કરનાર તથા સરકારી રાજ્યકારભાર સંબંધી લખાણ ચલાવનાર અધિકારીને પોલિટિકલ એજંટ કહે છે.

સિંધ પ્રાંતના મુખ્ય ૮ ભાગ કરેલા છે તેઓનાં નામ.

૧. કરાંચી જિલ્લો.	૫. સખ્ખર જિલ્લો.
૨. હૈદ્રાબાદ જિલ્લો.	૬. થરપારકર જિલ્લો.
૩. નવાબશાહ જિલ્લો.	૭. ઉતર સરહદ જિલ્લો.
૪. લાડકાણા જિલ્લો.	૮. ખેરપુર સંસ્થાન.

ઉતરથી શરૂ કરતાં આ ભાગો નીચે દર્શાવેલી રીતે સમાયલા છે.

ઉતરે—ઉતર સરહદ જિલ્લો એની દક્ષિણે—લાડકાણા અને સખ્ખર જિલ્લા, લાડકાણા જિલ્લાની દક્ષિણે—કરાચી—જિલ્લો. કરાચી જિલ્લાની પુર્વે હૈદ્રાબાદ જિલ્લો, અને હૈદ્રાબાદ જિલ્લાની ઉતરે—નવાબશાહ જિલ્લો તથા હૈદ્રાબાદ જિલ્લાની પૂર્વમાં થરપારકર જિલ્લો છે; અને થરપારકરની ઉતરે ખેરપુર સંસ્થાન આવેલું છે,

પર્વતો.

ઘણા ઊંચા અને લાંબા ગએલા ટેકરાઓને પર્વત કહે છે; થોડા ઉંચાને ટેકરીઓ, જબલ કે ડુંગર કહે છે. જે પર્વતના મથાળામાંથી ધુમાડો, રાખ અને ઊનો રસ વગેરે પ્રવાહી પદાર્થ નીકળે છે તેને જ્વાળામુખી કહે છે.

સિંધના પર્વતો.

ખીરથર પુરૂ અને પબ, સિંધ અને બલુચિસ્તાનની વચ્ચે છે; એ ત્રણેને એકઠા કરીને હાલાર પર્વત

કહે છે. પણ પર્વતની કેટલીક શાખાઓ કરાચી જિલ્લામાં આવેલી છે. એ ભાગને કોહીસ્તાન* કહે છે. કોહીસ્તાન કરાચી જિલ્લાના ચોથા ભાગમાં છે.

ખીરથર પર્વતની એક શાખા લાડકાણા પાસે છે, એને લગોટોડો કે લકકી પર્વત કહે છે. લકકી પર્વત સેવણની નજદીક છે, ત્યાં ઉના પાણીનું ઝરણ છે, તેને ધારાતીર્થ કહે છે. ત્યાં દરવર્ષે જાત્રાનો મેળો ભરાય છે ખીરથર પર્વતનું બીજું શિંખર કલાતના ઈલાકામાં લાડકાણાની પાસે છે તેને દારહારો પર્વત કહે છે. આ દારહારા પર્વત ઉપર કુતરાની ઘોર છે. એ ઘોર બાબત એમ વાત ચાલે છે કે આગળના વખતમાં કોઈ મુસાફર પોતાના કુતરા સાથે આ પર્વતપરથી જતો હતો, પણ તે રસ્તો ચુંકી જવાથી ભુલો પડયો અને ત્યાજ મરણ પામ્યો. આ ખબર તેનાં સગાંવહાલાંને જણાવવા માટે કુતરો ગયો અને તે બધાંને પકડીને ધણીના મુડદાં પાસે લઈ આવ્યો. આ નિમકહલાલ પ્રાણીએ પોતાનું કર્તવ્ય બજાવીને તુરતજ પોતાના વ્હાલા ધણીના વિયોગમાં તેના મુડદા પાસે પ્રાણ છોડયો. એ કુતરાની એવી નિમકહલાલી જોઈને તે મુસાફરનાં સગાંવહાલાંઓએ બન્નેની ત્યાં કબર ચણાવી, ને તે સ્થળને કુતરાની ઘોર એવું નામ આપ્યું, જે અધાપિ પર્યંત કાયમ છે, આ સ્થળની હવા ઉનાળામાં બહુ ખુશનુમા રહે છે, તેથી ઈંગ્રેજો વગેરે બીજા અમલદારો ત્યાં હવા ખાવા જાય છે.

ઠઠ્ઠા નજદીક મકલી ટેકરી છે. તેના પર લાખો કબરો અને મસ્જીદો છે. તે દિનપ્રતિદિન પડી જતી

* કોહીસ્તાન એટલે ટેકરાવાળો મુલક.

જાય છે અને ઓછી થતી જાય છે એને સવાલાખ પીરોની કબરોવાળી મકલી ટેકરી કહે છે.

એ સિવાય મોહન, કટી, કામ્બો, સરજાન અને કાળી ટેકરી (કારો ટકર) હાલા પરવતમાંથી નીકળી કરાચી જિલ્લા સુધી આવેલા છે.

હૈદ્રાબાદની નજદીક ગંજોટકર નામે ડુંગર છે.

શિકારપુરની નજદીક સખ્ખર, ખખ્ખર અને રોરીની ટેકરીઓ છે તેના ઉપર એ શહેરો વસેલાં છે.

રેતીનાં મેદાન અને ટેકરા

રેતીના ઢગલા રોરીડિવિઝન. ખેરપુર સંસ્થાન અને થરપારકર જિલ્લામાં છે તેને ભિટું (રેતીના ટેકરા) કહે છે.

નદી

મીઠા પાણીનો જે પ્રવાહ પરવતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઈ સમુદ્રને મળે છે તેને નદી કહે છે, જે જગાએથી નદી નીકળે છે તે જગાને તેનું મુળ અને જ્યાં સમુદ્રને મળે છે તે જગાને તેનું મુખ કહે છે.

સરોવર

જમીનથી ત્રિંટાયલા પાણીના ભાગને સરોવર કહે છે. સિંધમાં તેને ઢંઢ કહે છે,

સિંધ પ્રાંતની નદીઓ

સિંધુ નદી—હિમાલય * પર્વતના માન સરોવર-

* હિંદુસ્તાનના ઉતરે હિમાલય પર્વત જાણે એક મોટા કોટની પેઠે આવી રહેલો છે પ્રથા ઉપર એ સવંથા ઉંચો પવરત છે, અને તેને મથાળે સદા બરફ રહે છે. આ ઉપરથી તેને હિમાલય પર્વત કહે છે, હિમ=બરફ×આલય=સ્થળ જગા હિમાલય—બરફની જગા,

માંથી નીકળી કાબુલ અને પંજાબની પાંચ નદીઓ સાથે મળી ૧૮૦૦ માઈલ વહી અરબી સમુદ્રમાં પડે છે. સિંધમાં એ નદીની લંબાઇ મિઠનકોટથી કેટીબંદર આગળ અરબી સમુદ્રને મળે છે ત્યાં સુધી ૬૦૦ માઈલ છે આ નદીમાં પાણી હમેશાં રહે છે. ઊનાળામાં જ્યારે ઘણો તાપ પડે છે, ત્યારે હિમાલય પર્વતના મથાળા ઉપરનો બરફ ગરમીથી ઓગળે છે, અને એ પાણીનો માનસરોવરમાં ઘણો વધારો થઇ જવાથી સિંધુ નદીમાં તે વખતે રેલ આવે છે. ચોમાસામાં પંજાબ વગેરે ઉતર તરફના મુલકોમાં એટલે જે દેશોમાં થઇને સિંધુ નદી વહેતી વહેતી સિંધમાં આવે છે તે દેશોમાં વરસાદ થવાથી પણ સિંધુ નદીમાં પુર ચડે છે. એ નદીની પહોળાઈ સિંધ દેશમાં ઘણેક ઠેકાણે તો એક માઇલ છે. પણ એવું કોઇ પણ ઠેકાણું નથી કે જ્યાં તેની પહોળાઇ અર્ધો માઈલ કરતાં ઓછી હોય. આ સિંધુ નદી ઉપરથી આ પ્રાંતનું નામ સિંધ પાડયું છે. સિંધુ એટલે દરિઓ. આ પ્રાંતમાં વરસાદ બહુજ થોડો પડે છે, પરંતુ સિંધુ નદીના ફાંટા અને નહેરો આખા દેશમાં પ્રસરેલા હોવાથી જ્યારે સિંધુમાં પુર ચડે છે ત્યારે તમામ સ્થળે તે વાટે પાણી ફેલાઇ જાય છે; ને દેશ આબાદ થઇ ઘણો પાક નીપજે છે. આ નદીમાં બહુ રેલ આવવાથી કોઇક વખતે નુકસાન પણ થાય છે. પરતું હાલમાં સરકારે તેવા ભાગો ઉપર મજબુત બંધ બાંધી મુક્યા છે તેથી નુકશાન થતું નથી.

એ નદી ઉપર આવેલાં શહેરો

સખ્ખર, બખ્ખર, રોરી, દાદુ, સેવાન, માઝીંદા,

કોટ્રી, ગીધુબંદર, ઝરખ, ઠઠ્ઠા, શાહાબંદર, કેટીબંદર અને ઘોડાબારી વગેરે.

હબ નદી—એ પશ્ચિમ સરહદવાળા પર્વતોમાંથી નીકળી ૧૨૦ માઈલ વહી રાસલમારી આગળ અરબી સમુદ્રને મળે છે.

ચોમાસાના વરસાદથીજ માત્ર વહેતી નદીઓ

નદીગાજ—કરાંચી અને શિકારપુર જિલ્લાની પશ્ચિમે ખીરથર પર્વતમાંથી નીકળી કુલજી આગળ પશ્ચિમનાળાને મળે છે.

બારન નદી—ખીરથર પર્વતમાંથી નીકળી ૯૦ માઇલ વહી કોટ્રી આગળ સિંધુ નદીને મળે છે,

મલીર નદી—કોહીસ્તાનમાંથી નીકળી કરાંચીની નજદીક ગિર્સી આગળ સમુદ્રને મલે છે.

મોહન નદી—રનીકોટમાંથી નીકળી સનગામની પાસે સિંધુ નદીને મળે છે,

આ નદીઓમાં ચોમાસામાં વરસાદ પડવાથી ઓચિંતુ પાણી આવવાને લીધે ઘણું નુકસાન થાય છે, કોઇ કોઈ વેળા તો માણસો, ઢોરો વગેરે તણાઈ જાય છે,

સિંધુ નદીનાં નાળાં અને નહેરો *

બેગારી નહેર—ઉતર સરહદ જિલ્લામાં છે તે બુલહકીમાંથી નીકળી પટ્ટ તરફ જાય છે. એમાંથી બીજી

* નદીના આડા અવળા ફાંટા કુદરતી રીતે પ્રસરેલા હોય તેને નાળાં કહે છે. અને નદીમાંથી જે પ્રવાહ બીજે રસ્તે વાળીને દુર લઇ જવામાં આવ્યો હોય તેને નહેર કહેછે, નહેરને સિંધીમાં વાહવા કહે છે.

ઘણી નાની નાની નહેરો નીકળે છે. જે આખી ઉત્તર સરહદને આબાદ કરે છે.

સિંધ નહેર—શિકારપુર આગળ છે.

સખ્ખર નહેર—સખ્ખર પાસે છે.

ઉભારંઘો નાળો. (પુર્વ નાળું)—સખ્ખર શહેરની પેલી બાજુએથી નીકળી ખૈરપુર સંસ્થાનમાંથી વહીને થરપારકર જિલ્લામાં જાય છે. એમાંથી **મીર નહેર** અને **મીઠરાઉ** તથા **જમરાઉ** નહેરો વગેરે નીકળે છે. એ નાળામાં ઘણા સરોવરો છે, તેમાં મુખ્ય **મખીની** ઢંઢ છે. એ સરોવરમાંથી મીઠરાઉ નહેર નીકળે છે.

ગાર નહેર—લાડકાણા જિલ્લામાં છે. તેની ઉપર લાડકાણા શહેર છે

પશ્ચિમ નાળું—લાડકાણા અને મેહર ડિવિઝનમાંથી વહી સેવણ આગળ **મંછર સરોવરમાં** પડે છે.

અરલ નહેર—સેવણ આગળ છે.

નવલખી નહેર—હૈદ્રાબાદ જિલ્લામાં છે એ જુનામાં જુની નહેર છે.

કુલેલી નહેર—હૈદ્રાબાદની પુર્વમાં છે. તેમાં નાની નાની આગબોટો પુંર આવવાની મોસમમાં ચાલે છે.

પીંજારી નહેર, બગાર નહેર, સતા નહેર કલરી નહેર અને **હુજામરો** વગેરે કરાચી જિલ્લામાં છે.

સિંધનાં સરોવર.

મંછર—સિંધમાં મોટામાં મોટું સરોવર આ છે. તેને **મંછરની** ઢંઢ કહે છે. તેમાં પશ્ચિમનાળું અને

અરલ નહેર સંધાય છે. એ સરોવરની લંબાઇ ચોમાસામાં ૨૦ માઇલ જેટલી થાય છે. પણ પાછળથી તેનું અર્ધ પણ મુશ્કેલીથી રહે છે. તેમાં માછલાં અને સુશોભિત પક્ષીઓ ઘણાં છે.

કુંજોર અને સોનારી ઢંઢ—નગરઠઠ્ઠા અને ઝરખની વચ્ચે છે.

હાલેજી ઢંઢ—કરાચી જિલ્લામાં ગુજો ગામની ઉતરે છે.

સુમરી ઢંઢ—થરપારકર જિલ્લામાં ઉમરકોટની પશ્ચિમે છે

મખીની ઢંઢ— સાંઘડની પુર્વે છે.

બેટ.

જમીનનો જે ભાગ ચારે બાજુએ પાણીથી વીંટાયલો હોય તેને બેટ કહે છે.

સિંધના બેટો.

બખર અને સાદબેલો—એ બે બેટો સિંધુ નદીમાં સખર અને રોરીની વચમાં છે.

મનોરા—કરાચી પાસે સમુદ્રમાં છે.

ભુશિર

જમીનની અણી લાંબી થઈને સમુદ્રમાં ગઇ હોય તેને ભુશિર કહે છે. સિંધમાં માંઝ નામે ભુશિર છે.

સિંધમાં મોટાં શહેરો

કરાચી, ઠઠ્ઠા, કોટ્રી, માઝીહા, કેટીબંદર, શાહાબંદર, અને ઝરખ એ કરાચી જિલ્લામાં છે.

હૈદ્રાબાદ, હાલા, **ટંડામહમદખાન ટંડોબાગા** **ટંડોઅલાયર** એ હૈદરાબાદ જિલ્લામાં છે. **નૌશેરા, કંડિઆરા, નવાબશાહ** અને **શાહેદાદપુર** એ નવાબશાહ જિલ્લામાં છે.

ઉમરકોટ, સાંઘડ, મીઠી, છાછરો ને **નગર, પારકર** એ થરપારકર જિલ્લામાં છે.

શિકારપુર, સખ્ખર, રોરી, ઉબાવરો અને **ઘોટકી** વગેરે **સખ્ખર** જિલ્લામાં છે.

દાદુ, લાડકાણા, મેહુર અને **સેવણ** વગેરે **લાડ**કાણા જીલ્લામાં છે.

જેકબાબાદ, કશમોર, વગેરે ઉત્તર સરહદમાં છે.

ખેરપુર, ગંબટરાણીપુર, ટંડોમસ્તીખાનનો વગેરે ખેરપુર સંસ્થાનમાં છે.

મુખ્ય મુખ્ય રેલ્વે સ્ટેશનો
નોર્થ વેસ્ટર્ન રેલ્વેનાં.

૧. **કરાચી**—એ નોર્થ વેસ્ટર્ન રેલ્વેનું છેલ્લું **સ્ટેશન** છે. **કરાચીમાં ૧ સીટીનું** અને ૨ **કેન્ટોન્મેન્ટનું** એમ બે સ્ટેશનો ઉતારૂઓની જવા આવવાની સગવડ માટે છે. એ બન્ને સ્ટેશનો ઘણોજ સરસ બાંધણીવાળાં અને સુશોભીત છે. કેન્ટોન્મેન્ટન સ્ટેશન આગળ રેલ્વે **વર્કશોપ છે.** એ કારખાનામાં હજારો માણસો દરરોજ કામકાજ કરે છે, ગાડીઓ બનાવવાની, રંગવાની, ભાગ્યુ તુટ્યું સમારવાની વગેરે અનેક જાતની કારીગરી ઉપર તેમનું અહીં ગુજરાન ચાલે છે. ડિસ્ટ્રિકટ ટ્રેફિકસુપરિન્ટેન્ડેન્ટની ઓફીસ પણ કરાચીમાં છે. બન્ને સ્ટેશનો ઉપર **રિફ્રેશમેન્ટ રૂમ** છે.

૨. જુંગશાહીઃ—આ સ્ટેશન ઉપર રીફ્રેશમેન્ટ રૂમ રાખેલો છે. અને એ સ્ટેશનથી **નગરઠઠ્ઠા તરફ** જવાનો માર્ગ શરૂ થાય છે. એ માર્ગ પાકો (સડકનો) છે. અહીંથી નગરઠઠા આશરે ૧૩ માઈલ દુર છે

૩. જમ પીરઃ—એ સ્ટેશનથી અરધો માઈલ દુર, એક પ્રાચીન શિવાલય, ટેકરી ઉપર છે ત્યાં ઊના પાણીનું ઝરણુ છે. આ ઝરણનું પાણી ત્યાંને ત્યાંજ સમાઇ જાય છે. અહીં હિંદુ લોકો મુએલાંની ક્રિયા કરવા તથા દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરવા આવે છે. આ **શિવાલયને હેમેશ્વર** મહાદેવનુ દેરૂં કહે છે.

૪. કોટ્રીઃ—એ મોટું જંકશન છે. અહીંથી રેલ્વે બે તરફ ફંટાય છે. એક ફાંટો સિંધુને પશ્ચિમ કિનારે ચાલ્યો જાય છે અને સખ્ખર થઇ ઉત્તરમાં પંજાબ તરફ જાય છે. બીજો ફાંટો સિંધુ નદીનો પુલ ઓળંગી **હૈદ્રાબાદ** થઇને એ નદીને પુર્વ કિનારે ચાલ્યો જાય છે. ને **રોરીએ** પહોંચે છે.

૫. લક્કીઃ—એ સ્ટેશનથી ૨ માઈલ દુર **ધારા** તીર્થ નામે હિંદુઓનું યાત્રાનું ઠેકાણું છે ત્યાં ઊના પાણીનું ઝરણુ છે.

૬. રૂકઃ—એ મોટું **જંકશન** છે અહીંથી રેલ્વેનો એક ફાંટો એમને એમ **સખ્ખર** તરફ જાય છે; અને બીજો ફાંટો **શિકારપુર** અને જેકબાબાદ થઇને ક્વેટા તરફ જાય છે. એ સ્ટેશન ઉપર **રીફ્રેશમેન્ટ રૂમ** રાખેલ છે.

૭. સખ્ખરઃ—આ સ્ટેશન સિંધુ નદીના ડાબા કિનારા ઉપર છે. એના સામા કિનારા ઉપર **રોરી**

સ્ટેશન છે. સખ્ખર અને રોરીની વચ્ચે સિંધુ નદીમાં બખ્ખર નામે બેટ છે. એ બેટ ઉપર થઈને એક જબરો પુલ રેલ્વેવાળાઓએ બાંધ્યો છે. તે બહુ જોવા લાયક છે અને લેન્સડાઉન બ્રીજ કહે છે. સખ્ખરથી ઉપડેલી ટ્રેન આ પુલ ઉપર થઈને રોરી પહોંચ્યા બાદ ઈશાનકોણ તરફ મરડાઈને પંજાબ ભણી જાય છે.

કોટ્રી રોહરી રેલ્વેનાં.

૧. હૈદ્રાબાદ:—એ જંકશન છે. અહીંથી એક ફાંટો ઉતર તરફ રોરી ભણી અને બીજો ફાંટો પુર્વ તરફ થરપારકરમાં ટન્ડોઅલાયાર અને મીરપુરખાસ ભણી થઈને સાદીપલ્લી જાય છે. સાદીપલ્લીથી મારવાડને માર્ગે રેલ્વે મુંબાઈ તરફ જાય છે.

૨. ઉદેરાલાલ:—હિંદુઓની તીર્થની જગા છે. અહીં દર વરસે ચૈત્ર શુદી બીજનો મેળો ભરાય છે, તેમાં લાખો રૂપિઆનો માલ વેચાય છે.

૩. ટન્ડોઆદમ:—એ સારી વેપારની જગા છે. ત્યાંથી હાલા અને કંડીઆરા થઈને રેલ્વે રોરી જાય છે.

રાજ્યરીતિ.

સિંધ પ્રાંતના ઉપરી અમલદારને કમીશનર સાહેબ કહે છે. તેના હાથ તળે દરેક જિલ્લાના કલેકટરો અને ડેપ્યુટી કમીશનરો છે.

દરેક જીલ્લાનો મુખ્ય કારભાર ચલાવનાર અમલદાર કલેકટર કે ડિસ્ટ્રિકટ માજીસ્ટ્રેટ સાહેબ કહેવાય છે. તે જમાબંધી વસુલ કરે છે. ખર્ચ થાય છે તે આપે છે અને મુલકી, ફોજદારી તથા લોકોપયોગી દરેક કામ ઉપર નીઘા રાખે છે. ઘણું કરીને તેના હાથ નીચે ત્રણ ચાર

આસિસ્ટન્ટ કલેકટરો કે ડેપ્યુટી કલેકટરો, એક ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેકટર અને એક હજુર ડેપ્યુટી કલેકટર હોય છે.

આસિસ્ટન્ટ કલેકટરો કે **ડેપ્યુટી** કલેકટરોને જિલ્લાના વિભાગો (સબડિવિઝનો) ની દેખરેખ સોંપેલી હોય છે. અને હજુર ડેપ્યુટી કલેકટર જિલ્લાના મુખ્ય શહેરમાં રહી તીજોરી વગેરેનું કામકાજ કરે છે.

આસિસ્ટન્ટ કલેકટરોના હાથ નીચે તાલુકાઓની દેખરેખ રાખવા માટે **મુખ્ત્યારકાર** એટલે **મામલતદાર** રાખવામાં આવેલા છે. તેઓ જમાબંધી વગેરેનાં કામ બજાવે છે. ઉપર કહેલા તમામ અમલદારો માજિસ્ટ્રેટનું કામ પણ બજાવે છે.

તે ઉપરાંત **પોલીસ** સુપરિન્ટેન્ડન્ટ, **ઇંજિનીયર** અને માપણી ખાતાના અમલદારો (રેવન્યુ સરવે ઓફીસર), કલેકટરો અને માજિસ્ટ્રેટોને સહાય કરે છે.

પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને તેનાં માણસો ખુન કરનારા, ચોર, વાટપાડુ, ધાડ પાડનારા વગેરેને ઝાલીને શિક્ષાને સારૂ **માજિસ્ટ્રેટને** હવાલે કરે છે. દરેક તાલુકામાંની મુખ્ત્યારકારની કચેરીમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ તરફથી **ફોજદાર** રહે છે.

રસ્તા બાંધવાનું, નહેરો ખોદવાનું, તળાવ ખોદવાનું, ધર્મશાળા બાંધવાનુ વગેરે સરકારી બાંધકામનું ખાતું ઇંજિનિયર સાહેબના હાથ તળે હોય છે. માપણી ખાતાના અમલદારો (રેવન્યુ સરવે ઓફિસર) દરેક જમીનદારને **કેટલી વીઘોટી (ઢલ)** ભરવાની છે, તે ઠરાવી આપે છે.

જિલ્લાને માટે **એક ડિસ્ટ્રિક્ટ જડજ** એટલે મુખ્ય ન્યાયાધીશ હોય છે. ખુન કરનારા, ધાડ પાડનારા વગેરે

બારે ગુન્હા કરનારાઓને માજિસ્ટ્રેટે મોકલ્યા હોય તેઓનો એ જડજ ઇન્સાફ કરે છે. જંગમ મિલ્કત સંબંધી ફર્યાદ (દિવાની દાવા) પણ એ સાંભળે છે. જડજને મદદ કરવાને આસિસ્ટન્ટ જડજ અને સબોર્ડિનેટ જડજ પણ રાખેલા હોય છે. મોટાં નગરોમાં સ્મોલ-કોઝ કોર્ટ છે, તેના જડજો નાનો રકમના દિવાની કજીઆ ચુકવે છે. તેના ફેસલા ઉપર અપીલ થતી નથી. તમામ ન્યાયખાતાનું ઉપરીપણું સિંધની જ્યુડિશ્યલ કમિશનરસ કોર્ટના તાબામાં છે અને તે કરાંચીમાં છે.

દરેક જિલ્લામાં સરકારી નોકરો તથા ગરીબોની દવા કરવાને મોટા ડાકટરો (સિવિલ સરજન) રાખેલા છે. જરૂર જણાય તો માંદા માણસને હોસ્પિટલમાં રાખી દવા કરે છે. જિલ્લાના મોટા તાલુકામાં એજ પ્રમાણે દવાખાનાં ઉઘાડ્યા છે, તેમાં આસિસ્ટન્ટ સરજનો કે હોસ્પિટલ આસિસ્ટન્ટો દવા આપે છે.

શેહેરો તથા કસબાઓને ચોખ્ખા રાખવા માટે તથા રાત્રે રસ્તાઓપર દીવા કરવા માટે મ્યુનિસિપાલ કમીટીઓ ઠરાવી છે. ગામડાંઓમાં ઉપલાં કામોના બંદોબસ્ત માટે લોકલબોર્ડો છે. લોકલબોર્ડની પેદાશને લોકલ ફંડ કહે છે. કરાચી, હૈદ્રાબાદ, શિકારપુર અને સખ્ખરમાં મોટી મ્યુનિસિપાલીટીઓ છે. અને દરેક જિલ્લા માટે એક એક મોટી લોકલબોર્ડ છે.

કેળવણી ખાતાનો મોટો અમલદાર એજ્યુકેશનલ ઇન્સ્પેકટર છે, તેના હાથ તળે ડેપ્યુટી ઇન્સ્પેકટરો અને આસિસ્ટન્ટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરો વગેરે છે. મોટાં શહેરમાં ઇંગ્રેજી અને સીંધી વગેરે નિશાળો છે.

નાનાં ગામોમાં સિંધી નિશાળો છે. શિક્ષક થવા માટે **હૈદ્રાબાદમાં** બે વિદ્યાલય છે. ૧. **મેલટ્રેનિંગ** કોલેજ અને ૧. **ફિમેલટ્રેનિંગ** કોલેજ. એ સિવાય ત્યાં **એગ્રીકલ્ચર** સ્કુલ (ખેતીવાડીની નિશાળ) અને **મેડીકલ** સ્કુલ (**વૈદક સંબંધી જ્ઞાન આપનારી** શાળા) પણ છે. **મેડીકલ** સ્કુલમાં શીખીને પાસ થયલાઓને હોસ્પિટલ **આસિસ્ટન્ટની** જગા મળે છે. કરાંચીમાં ઇંજિનીયરીંગ અને ઊંચી **કેળવણી** લેવાનું વિદ્યાલય છે તેને **દયારામ જેઠમલ કોલેજ** કહે છે. મુસલમાનો માટે **મદ્રસા** છે. દરેક જિલ્લામાં ઇંગ્રેજી હાઈ સ્કુલો છે. અને હાલમાં હુન્નરી સ્કુલો પણ ઠેકાણે ઠેકાણે ઉઘડતી જાય છે.

પાક ખેતી.

આ પ્રાંતમાં બે પાક થાય છે. ૧. ખરીફ. ૨. રબી ખરીફ પાક નદીમાં રેલ આવતી વખતે વવાય છે. અને કાર્તક માસમાં તૈયાર થાય છે. રબી પાકની રોપણી પાણી ઉતરતી વખતે થાય છે. ને ચૈત્ર મહિનામાં તૈયાર થાય છે. પહેલા પાકમાં જુવાર, બાજરી, ચોખા, તલ, તેલીયાંબીયાં; કપાસ વગેરે થાયછે; અને બીજામાં ઘઉં, જવ, ચણા, મટર, મગ તથા બીજાં કઠોળ વગેરે થાયછે.

સિંધમાં પાક નીપજાવવાની જમીન ૫ પ્રકારની છે.

સિંધમાં પાક નિપજાવવાની જમીન ૫ પ્રકારની છે.

૧ લીઃ—જે જમીનને રેંટીઆ વતી પાણી આપે છે તે **ચરખી.**

૨ જીઃ—જે જમીનને નહેરોની વાટે પાણી આપે છે તેને **સેલાબી (ઢોળાણવાળી)** જમીન કહે છે.

આ જમીનમાં ખર્ચ બહુ કમતી થાય છે. **એથી** પાક ઘણું ખરૂં આ જમીનમાં થાય છે.

૩ જી:—જે જમીન પાણી ઘણું ચડે તોજ પોતાની મેળે પલળી રહે અને તરથાય; પણ પૂર કમતી હોવાથી ઊંચાણમાં પાણી ચડી શકે નહિ તેવે વખતે જેને રેંટીઆ વતી પાણી આપવું પડે, તેને મોકી કહેછે.

૪ થી ચાહી:—જે જમીનને કૂવામાંથી પાણી આપવામાં આવે છે તે.

૫ મી બારાણી—જે જમીનની ખેતીનો આધાર વરસાદ ઉપર રહે છે તે.

જમીનદારો સરકારી ઢલ (વેરો) આપેછે પણ **જાગીરદારો** આપતા નથી.

ખેતી ઘણે ઠેકાણે **હારી** લોકો કરે છે; અને કેટલેક ઠેકાણે જમીદારો પોતેજ ખેતી કરે છે°

હારી લોકોના બે વર્ગ છે. (૧) **મારોટી** એટલે વંશપરંપરાંથી ચાલતા વારસા મુજબ ખેતી કરનારા, (૨) **વગરમારોટી** એટલે વારસના હક્ક વગરના.

મારોટી વર્ગના હારી લોકો પાસેથી **જમીદારો** પોતાનો હિસ્સો અને સરકારી ઢલજ માત્ર લે છે. તે સિવાય બીજી કંઈ પણ અખત્યારી વાપરી શકતા નથી. પણ વગરમારોટીના વર્ગના હારી લોકોને તો જમીદાર કોઇ પણ વખતે કાઢી શકે છે.

વેપાર.

ઇંગ્રેજોના આવવા અગાઉ આ પ્રાંતનો બીજા દેશો સાથે ૧૨ લાખ રૂપીઆનો વેપાર ચાલતો હતો પણ ઇંગ્રે

જેના આવવા પછી આગગાડીઓ, આગબોટો અને વહાણો વગેરેના આવજા ઘણી વધવાથી, રસ્તાઓની સગવડ હોવાથી, તેમજ પોલીસની સંભાળ અને ટપાલ તથા તાર ખાતાંઓને લીધે વેપારમાં ઘણોજ વધારો થઈ એ રકમ ૧૨ કરોડ સુધી પહોંચી છે.

આમદાની.

કાપડ, સોનું, લોઢું, તાંબું વગેરે ધાતુઓ, તથા કાગળ, રબર, કટલરી (છરી કાંટા વગેરે સામાન), ચિનાઇ વાસણ, દારૂ (મદિરા), કેરોસીન તેલ, ખાંડ વગેરે ઘણો સામાન વિલાયતથી તેમજ બાહાર દેશાવરથી આવે છે.

રવાનગી.

કપાસ, ઊન, ચામડાં, ઘઉં, તેલીયાં બીયાં વગેરે અનાજ તથા હાડકાં, ચીંથરાં વગેરે ઘણો માલ બહાર દેશાવર ખાતે જાય છે.

સરકારને પેદાશ.

સરકારને પેદાશના મુખ્ય રસ્તા—

૧ જમીનનો કર.

૨ કુસ્ટમડ્યુટી એટલે માલની આવક પરની જકાત.

૩ નિસાવર્ણી જણસો ઉપરનું મહેસુલ.

૪ મીઠાનો કર.

૫ ઇનકમ ટેક્સ એટલે વાર્ષિક આવક ઉપરનો કર

આ બધાની પેદાશ એક કરોડ રૂપીઆની છે.

કારખાના.

ચીજો બનાવવાનું કામ હમણાં સિંધમાં ઓછું થતું જાય છે, કારણ કે સારી ચીજો વિલાયતથી સંચામાં

બર્નીને આવે છે, અને તે સોંઘી મળે છે; પણ સાધારણ માલ જે દરરોજના ખપનો અહીં બને છે તે થોડો સારો છે. **નગરઠઠ્ઠામાં** ગરણીઓ, સુસીઓ, રંગેલા ચારસાઓ ને લુંગીઓ થાય છે.

હૈદ્રાબાદમાં સંઘાડાનું કામ, ભરતનું કામ ને કસબનું કામ સારૂં થાય છે

હાલામાં ગંજ એટલે લાકડાની રંગબેરંગી ડાબલીઓ અને કાસીનું (મીનાકારીનું) કામ સારૂં થાયછે.

બીબાંવતી છાપવાનાં કારખાનાં, ને કપાસ લોઢવાના તથા ગાંસડીઓ બાંધવાના **સાંચા**, પણ સિંધમાં ઠેકાણે ઠેકાણે ફેલાતા જાય છે.

કરાંચી જીલ્લો.

આ જિલ્લો **સિંધનો** દક્ષિણ અને પશ્ચિમનો ભાગ છે. તેની લંબાઈ નદી **ગાજથી અરબી** સમુદ્ર સુધી છે; અને પહોળાઈ હાલાર પર્વતથી **સિંધુ** નદી સુધી છે. પણ **લાડનો** ભાગ સિંધુ નદીની પુર્વ તરફ પણ ગયો છે.

સીમા અને વિસ્તાર વગેરે.

ઉત્તરે લાડકાણા જિલ્લો, પુર્વે સિધુ નદી અને હૈદ્રાબાદ જિલ્લો, દક્ષિણે અરબી સમુદ્ર અને **પશ્ચિમે બલુચિસ્તાન** અને **લસબેલાનો** મુલક છે. એ જિલ્લાની વસ્તી ૫૨૦૭૨૧ માણુસની છે, આ જિલ્લાનો પશ્ચિમભાગ બહુ ટેકરાવાળો છે તેનું નામ **કોહીસ્તાન છે.** એમાં થોડો વરસાદ આવે છે ને બાકીનો સિંધુના કાંઠાનો રસાળ પ્રદેશ છે. એમાં સુતરાઉ અને રેશમી કાપડ, માટીનાં વાસણ અને કામળા બને છે, ખેતીની પેદાશમાં ડાંગર, જુવાર અને બાજરી એ ખરીફ પાકમાં

મુખ્ય છે, રવીપાકમાં ઘઉં, દીવેલી, બીયાં, કઠોળ અને જવ મુખ્ય છે. ડાંગર જુવાર અને બાજરી કરાંચીથી મુંબઇ ઇલાકાના બીજા ભાગો ખાતે ચઢે છે. અને ઘઉં તથા અનેક જાતનાં તેલ કાઢવાનાં બીયાં ઇંગ્લાંડ મોકલવામાં આવે છે,

આ જિલ્લાનો મોટો રેવન્યુ અમલદાર કે ડિસ્ટ્રિકટ માજિસ્ટ્રેટ કલેકટર સાહેબ છે. તેની મુખ્ય જગા કરાચી છે. પણ ઠંડીની મોસમમાં બહાર જિલ્લામાં ફરીને કામકાજ કરે છે.

સબડિવિઝનોને માટે ૩ ડેપ્યુટી કલેકટરો કે આસિસ્ટન્ટ કલેકટરો અને એક હજુર ડેપ્યુટી કલેકટર ખજાનાને માટે રહે છે. ડેપ્યૂટી કલેકટરોના તાબામાં તાલુકાઓની દેખરેખ રાખવા માટે કુલ ૧૦ મુખત્યારકાર રાખવામાં આવેલા છે.

આ જિલ્લાના ૩ સબડિવિઝન પાડેલા છે અને તેમાં બધા મળીને ૧૧ તાલુકા છે.

એ જિલ્લામાં આવેલા સબડિવિઝનનાં નામ.

૧ ઠઠ્ઠા, ૨ કોટ્રી, ૩ શાહાબંદર.

ઠઠ્ઠા સબડિવિઝનમાં આવેલા તાલુકાના નામ.

૧ કરાચી, ૨ ઠઠ્ઠા, ૩ મીરપુર સાકરા, ૪ ઘોડાબારી, ૫ મહાલ કેટીબંદર.

કોટ્રી સબડિવિઝનમાં આવેલા તાલુકાનાં નામ

કોટ્રી તાલુકો, ૨ માઝીંદા મહાલ, ૩ કોહીસ્તાન મહાલ.

શાહાબંદર સબડિવિઝનમાં આવેલા તાલુકાનાં નામ

૧ મીરપુર બટોરા, ૨ સુજાવલ, ૩ જાતિ ૪ શાહાબંદર.

કરાંચી તાલુકો.

સીમા—ઉત્તરે કોહીસ્તાન તાલુકો, પુર્વે ઠઠ્ઠા તાલુકો, દક્ષિણે મીરપુરસાકરા તાલુકો અને અરબી સમુદ્ર, પશ્ચિમે હબ નદી અને માંઝ બુશિર છે.

આ તાલુકો કરાંચી જિલ્લાના ઠઠ્ઠા સબડિવિઝનમાં આવેલ છે. એમાં ૧૮૬૭૭૨ માણુસની વસ્તી છે. એ તાલુકો ૬ તપામાં વહેંચાયલો છે.

તપાનાં નામ.

૧ મલીર, ૨ થાણો, ૩ મલહ, ૪ હબ. ૫ ગદાપ. કરાંચી.

એ તાલુકાનું મુખ્ય શહેર કરાંચી સિંધની રાજયગાદીની જગા તથા મુખ્ય બંદર છે. એ શહેરમાં સિંધ પ્રાંતનો કમિશનર એ જિલ્લાનો કલેકટર, આસિસ્ટંટ કલેકટર, હજુર ડેપ્યુટી કલેકટર ખજાનાનો, મુખત્યારકાર, જયુડિશ્યલ કમિશનર કે સદર કોર્ટના જડજ, ડિસ્ટ્રીકટ જડજ, સ્મોલકાઝકોર્ટનો જડજ, સિટિમાજીસ્ટ્રેટ, કેન્ટોન્મેન્ટ માજીસ્ટ્રેટ, સિટિડેપ્યુટી કલેકટર, પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ, પોલીસ ઈન્સ્પેકટરો અને લશકરી મોટા અમલદારો સિવાય બીજાં બધાં ખાતાંના મોટામોટા અમલદારો બ : રહે

એ શહેરની વસ્તી ૧૫,૧૯૦૩ માણુસની છે.—આ શહેર મુબઈ ઇલાકામાં મુંબઇ બંદરથી બીજે નંબરે ગણાય છે.

એ બંદરની સંભાળ માટે **પોર્ટ ટ્રસ્ટ** નામે એક મંડળી છે. તેઓએ એ ખાડીનું કામ એવું બનાવ્યું છે કે દરેક મોસમે તેમાં વહાણો તથા આગબોટો વગેરે સહીસલામત રહી શકેછે, અને આવજા કરી શકે છે. તેથી અહી મોટી મોટી આગબોટો માલ, ભરીને આવેછે. અને બંદરને કાંઠેજ ઉભી રહી શકે તેવી સગવડ હોવાથી ને માલ ઉતરવા તથા ચડાવવા માટે **વરાળ-યંત્ર** ને **વીજળીની** રોશનાઈ હોવાથી બહુજ સહેલાઇથી **રાત દિવસ** કામ લઇ શકાય છે. આ બધાની પેદાશ પોર્ટ ટ્રસ્ટને મળેછે.

અહીં **યુરોપી વેપારીઓની** મોટી મોટી વખારો, કારખાનાં તથા ટ્રામવે વગેરે છે, અને **નોર્થ વેસ્ટર્ન રેલ્વેનાં** બે મોટાં સ્ટેશનો છે. ૧ કેન્ટોન્મેન્ટનું સ્ટેશન અને ૨ **સીટી**નું સ્ટેશન. એ બન્ને સ્ટેશન ઉપર ઇમારત બહુ સારી બાંધેલ છે. કેન્ટોન્મેન્ટના સ્ટેશન આગળ મોટી રેલ્વે વર્કશોપ છે. આગળના નામદાર **કમીશનર ફ્રિયર** સાહેબની યાદગીરી માટે બંધાએલ **ફ્રિયરહોલ** જોવા લાયક છે. ત્યાં દર શનીવારે સાંજે ઇંગ્રેજી બેન્ડ (વાજાં) વાગે છે. અને **મહારાણી સાહેબનું** બાવલું છે જે ખુલું મુકવાને વખતે હાલના નામદાર શહેનશાહા પાંચમા જ્યોર્જ પધાર્યા હતા. તા. ૧૭મી માર્ચ ૧૯૦૬ ને શાહનશાહ એડવર્ડ સાહેબનું બાવળું પણ છે. એ સિવાય **લેડી ડફ્રીન હોસપીટલ, સિવિલ હોસપીટલ, ઇંગ્રેજી હાઇસ્કુલ મદ્રસા, મેરિવેધર ટાવર, ડિસ્ટ્રીક્ટ કોર્ટ જ્યુડિશયલ કમિ-**

શાનરસ કોર્ટ; **તાર ઓફીસ, ખ્રિસ્તી** દેવળો, અને **દયારામ જેઠામલ** સિંધ કોલેજ વગેરે જોવા લાયક મકાનો ઘણાં છે. આ કોલેજની લગોલગના મકાનમાં **પ્રદર્શન** હાલ ખુલ્લો મુકેલો છે, તેને **ભુતખાનુ** કહેછે. એ ઉપરાંત સરકારી **બગીચો** બહુ જોવા લાયક છે. તેમાં જાત જાતનાં જનાવરો અને વનસ્પતિ પ્રદર્શન માટે રાખેલ છે. આ સિવાય ઘણાક બંગલા અને જગાઓમાં ઠેકાણે ઠેકાણે નળનું પાણી મળતું હોવાથી સુશોભીત બગીચાઓ શોભી રહ્યા છે. કરાંચીથી દુર સાત ગાઉ ઉપર **મલીર** છે. ત્યાં મોટા મોટા કુવા ખોદાવેલા છે. તેનું પાણી **નળની** વાટે કરાંચીમાં આવે છે. એ જગા એટલી ઊંચી છે કે વરાળ યંત્રની મદદ વગર શહેરમાં ત્રણ મજલા સુધી, પાણી ઊંચું ચડી શકે છે. આ પાણી આવવાથી કરાંચીમાં જે મીઠા પાણીની તંગાસ પડતી હતી તે દુર થઇ છે. અને વનસ્પતિ ઘણી વધી છે. કરાંચીની નજદીક આવેલા **મનોરા બેટ** પર **લાઇટ હાઉસ** (દીવાદાંડી) છે. શહેરથી ૬ માઇલ દુર **મગરપીરમાં** ઊના પાણીનાં ઝરણ તથા મગરો છે. **મહારીપુર** નામે જગા કરાચીથી થોડે છેટે છે. ત્યાં સરકારી માણસો **મીઠું** પકવે છે. તે મીઠું આખા સિંધમાં વપરાય છે.

આ શહેરની અગ્નિકોણે સુમારે ૪ માઇલ દુર **કિલફ્ટન** છે ત્યાંની હવા ઘણી સારી અને થંડી હોવાથી ગરમીની મોસમમાં સહેજ લોકો અને બીજા ઘણા મોટા માણસો ત્યાં જઇને રહે છે. એ શહેરમાં **ઈંગ્રેજી, સિંધી ગુજરાતી, મરાઠી, ઉર્દુ** વગેરે જુદી જુદી ભાષાની છોકરા તથા છોકરીઓની નિશાળો છે.

(૧] મલીર—એ કુલફળાદિને માટે પ્રખ્યાત છે. મુંબઇ જેવાં સોનેરી કેળાં કેરીઓ વગેરે ઘણુંજ ફળ, શાકભાજી વગેરે ત્યાંથી કરાંચીમાં વેચવા માટે આવેછે.

આ તાલુકામાં આવેલા તપાઓમાં આવેલાં ગામો.

ગદાપ તપામાં આવેલાં ગામો,

[૧] ખાર. [૨] મોહધાન. [૩] કંઢ [૪] ગદાપ મહાજન. [૫] કાંકર.

હબ તપામાં આવેલાં ગામો.

(૧) મગોપીર. (૨) ગોરામખાનનું ગામ. (૩) ગુષપાસ. (૪) લાલબખર. ૫) અલીબનાનું ગામ.

મલ્હ તપામાં ગામો.

(૧) મેમણોનું ગામ (૨) ધરસાનો છનો. (૩) જામનું ગામ. (૪) બાઝાર. (૫) શનરો.

મલીર તપામાં ગામો.

(૧) ઇબ્રાહીમ હૈદરી. (૨) વટેજી. (૩) રહીમખાનનું ગામ. [૪] દાએચી (૫) પીપરી. (૬) બાકરાણી (૭) ગગર.

થાણા તપામાં ગામો

(૧) થાણા. (૨) આસુનું ગામ. (૩) મલીરસ્ટેશન. (૪) હાજીસુખાનું ગામ. (૫) ગાર. (૬) લાંડી. [૭] રેરી.

કરાંચી તપામાં ગામો.

(૧) કરાચી. (૨) મનોરા બેટ. [૩] ભાભો. ૪] ભીટ. (૫) મારીપુર. (૬) ગીસરી બંદર.

૨ ઠઠ્ઠા તાલુકો,

સીમા—ઉત્તરે કોટ્રીતાલુકો, પુર્વે સિંધુનદી,

દક્ષિણે મીરપુરસાકરો અને ઘોડાબારી તાલુકો, પશ્ચિમે કોહીસ્થાન અને કરાંચી તાલુકો છે.

આ તાલુકો કરાંચી તાલુકાના ઠઠ્ઠા સબડિવિઝનમાં આવેલ છે. એમાં ૪૭,૨૨૧ માણસની વસ્તી છે, એ તાલુકો ૮ તપાઓમાં વહેંચાયલો છે.

૧ સોંઢા, ૨ ખુદાયું, ૩ ચિલ્લાયા, ૪ ખખખ-હાલા, ૫ જુંગશાહી, ૬ ઠઠો, ૭ ટાંકો, ૮ અગાહ. આ તાલુકામાં ભગાર અને કલરી મુખ્ય નહેરો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર ઠઠ્ઠા છે એ ઘણું પ્રાચીન શહેર છે. તેમાં મોટી જુમામસીદ એકસો ગુંજ (કુબા કે ઘુમટ) વાળી છે, અને બીજાં પણ પ્રાચીન ઇમારતોનાં ખંડિયેરો જોવામાં આવે છે. એમાં મુખત્યારકારની ઓફીસ, પોસ્ટ અને તાર ઓફીસ, સબ જડજની ઓફીસ, અને રેસિડન્ટ માજીસ્ટ્રેટની ઓફીસ છે. તપેદારનો દેરો, હોસ્પિટલ, એંગ્લોવર્નાક્યુલર સ્કુલ, વર્નાક્યુલર સ્કુલ, ગુજરાતી સ્કુલ, છોકરીઓની સ્કુલ અને સંસ્કૃત શાળા છે. એ શહેર કરાંચીથી સુમારે ૬૭ માઇલ દુર પુર્વ તરફ છે તેમાં ૫૩ માઇલ રેલવેની મુસાફરી જુંગશાહી સ્ટેશન સુધી કરવી પડે છે. અને ત્યાં જુંગશાહી સ્ટેશનથી સુમારે ૧૩ માઇલ ખુશ્કીની મુસાફરી પાકી સડક ઉપર કરવી પડે છે.

એ શહેરની પશ્ચિમે આવેલી મકલીના ટેકરી ઉપર સવાલાખ પીરોની કબરોવાળું મોટું કબરસ્તાન છે. અને મીરઝાં ઇશાકની રોઝ વગેરે મોટાં મોટાં કબ-

સ્તાન છે. તેનું નકસીકામ ઘણું સરસ છે. પણ હાલમાં તેઓની મરામત ન હોવાથી જીર્ણ થતાં જાય છે. એ ટેકરી ઉપર જડજ સાહેબની કોર્ટ અને બીજા ઈંગ્રેજી અમલદારોને રહેવાની જગાઓ બાંધેલી છે. એ શહેરની બાજુમાં કલાકોટ નામે એક પુરાતન શહેરનું ખંડિયેર છે. અને ત્યાં એજ નામનુ મોટું સરોવર છે. એ શહેરમાં રેશમી લુંગીઓ, ગરબીઓ, અજરકો કે મુસલમાનની ચાદરો અને રંગેલા, ચારસાઓ, બનાવવાનાં ઘણાં કારખાનાં છે. અને તેમાં રંગનું કામ ઘણું સારૂં થાય છે.

એ શહેરમાંથી ઝરખ, મીરપુરસાકરા, કેટીબંદર, શાહબંદર, વગેરે શહેરોમાં જવા આવવાના રસ્તા ફંટાય છે, તેથી એ શહેરોમાં મુસાફરખાનાં બાંધેલાં છે જેથી મુસાફરોને ઘણી સગવડ પડે છે.

આમદાની.

ખાંડ, વિલાયતી કાપડ, હાથીદાંત, મોતી કાચું રેશમ, વગેરે મુખ્ય છે.

રવાનગી.

રાતા ચોખા, બાજરી, જુવાર, મગ, અડદ, મટર વગેર અનાજ, ઘી, લાકડાં, કોલસા, રેશમી લુંગીઓ, રંગેલી ચાદરો, રંગેલા ચારસા, અજરકો વગેરે મુખ્ય છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામો

(૧) સોંઢા; [૨] હેલાયુ, ત્યાં સિંધુ નદી ઓળગીને પેલે પાર જવાને સારૂ નાનીનાની આગબોટો ઉતારૂઓને માટે રાખવામાં આવે છે.

મીરપુરસાકરા તાલુકો.

સીમા—ઉત્તરે કરાંચી તાલુકો. પુર્વે ઠઠ્ઠા તાલુકો,

દક્ષિણે ઘોડાબારી તાલુકો અને પશ્ચિમે
અરબી સમુદ્ર છે.

આ તાલુકો કરાચી જિલ્લાના ઠઠ્ઠા સબડિવિઝનમાં આવેલો છે. તેમાં ૩૧૨૩૮ માણસની વસ્તી છે. આ તાલુકામાં શેરડી અને કેળાં બહુ થાય છે. અને પાકમાં રાતા ચોખા ઘણા થાય છે. એ તાલુકો ૧૦ તપામાં વહેચાયલો છે.

તપાનાં નામ

(૧) મીરપુર સાકરો, (૨) રામદેવ, (૩) ગાડો, (૪) હાજીઘરાણો, (૫) ગુજો, (૬) બુહારા, (૭) સુખપુર, (૮) ખેરપુર, (૯) ગુલામલા અને [૧૦] કરમપુર.

આ તાલુકામાં ભગાર અને કલરી મુખ્ય નહેરો છે

એ તાલુકાનું મુખ્ય શહેર મીરપુર સાકરા છે. તેમાં મુખત્યારકારની ઓફીસ, પોસ્ટ ઓફીસ, પોલીસનું થાણું, તપેદારનો દેરો અને વર્નાક્યુલર સ્કુલનું મકાન વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામો

(૧) ભંભોર—આ ઘણું પ્રાચીન અને જીર્ણ થઈ ગયેલું ગામ છે. એ ગાડા ગામની નજદીક આવેલું છે. તે બાબત એવી દંતકથા ચાલે છે કે એને અસલ દેવળ બંદર કરીને કહેતા હતા. અને ઈ. સ. ૭૧૩ માં મહમદ બીન કાસીમે સિંધ ઉપર ચડાઇ કરી તે વખતે પ્રથમ આ શહેરને ઘેરો ઘાલ્યો હતો અને સસુઈ પણ આ શહેરમાં મોટી થઇ હતી. કબીર ભગતનું પણ એમાં રહેઠાણ હતું.

[૨) ગાડો—આ શહેર દાબેચી સ્ટેશનથી ૪ ગાઉ દુર અગ્નિકોણમાં આવેલુ છે. એનાથી ૧૪ માઇલ દક્ષિણે મીરપુર સાકરો આવેલ છે.

એ સિવાય (૩) વટેજી, (૪] ગુલામુલા વગેરે ગામ છે.

ઘોડાબારી તાલુકો.

સીમા—ઉત્તરે ઠઠ્ઠા અને મીરપુર સાકરાના તાલુકા, પુર્વે સિંધુ નદી દક્ષિણે અરબી સમુદ્ર અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

આ તાલુકો કરાચી જિલ્લાના ઠઠ્ઠા સબડિવિઝનમાં આવેલ છે. એમાં ૩૧૭૫૫ માણસની વસ્તી છે. એ તાલુકો ૬ તપાઓમાં વહેંચાયલો છે.

તપાના નામ.

(૧) ગર્હોલ, (૨) ખાણુ, (૩) કોટ્રી અલારખ્યા, (૪) મહર, (૫) ગારહો, (૬) બેલી.

આ તાલુકામાં નશીરવાહ, ઓચતો, હેદરી અને સાચાણુ ફાટ છે.

આ તાલુકાનું મુખ્ય શહેર કોટ્રી અલારખ્યા છે. તેમાં મુખત્યારકારની ઓફીસ, ટપાલ ઓફીસ, વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતાં ગામ.

પીરપઠા—એ જાણીતું ગામ છે. તેમાં દરવરસે પીરપઠાનો મેળો ભરાય છે.

કેટીબંદર મહાલ.

સીમા—ઉત્તરે ઘોડાબારી તાલુકો પુર્વે સિંધુ નદી અને દક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર છે.

આ મહાલ ઠઠ્ઠા સબડિવિઝનમાં છે, એમાં ૪ તપા છે. ને વસ્તી ૧૭૮૪ માણસની છે.

તપાનાં નામ.

(૧) કેટીબંદર, (૨) ઘોડાબારી, (૩) મનોરા, (૪) ખીરસર.

આ મહાલમાં સીચાણ, ઓચતો અને કલંદરી ફાટ છે.

એમાં કેટીબંદર મુખ્ય શહેર છે. એમાં મહાલકરી રહેછે. એમાં મ્યુનિસિપાલિટી હોસ્પીતાલ કસ્ટમ ઓફીસ પોલીસ થાણા પોસ્ટ ઓફીસ અને સ્કુલ છે. આ શહેરની બાજુમાં ઓચતો કે હજામરો ફાટ અરબી સમુદ્રમાં પડેછે.

આ મહાલમાં આવેલાં બીજાં ગામ

૧ ખલીફા એ ઘાસના વેપારના માટે નામીચું છે.

કોટ્રી તાલુકો.

સીમા—ઉત્તરે માઝીંદા મહાલ પુર્વે સિંધુનદી, દક્ષિણે ઠઠ્ઠા તાલુકો અને પશ્ચિમે કોહીસ્તાન મહાલ છે.

આ તાલુકો કરાચી જિલ્લાના કોટ્રી સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૪૦૪૯૫ માણસની વસ્તી છે. એ તાલુકો ૬ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં આવેલા તપાનાં નામ.

(૧) ટન્ડાહાફેઝશાહા. (૨) ઝરક, (૩) બાદા, (૪) વછેરા, (૫) બાલાઇ અને [૬] બંધ વેરા.

આ તાલુકામાં સહાબહાર, બગદાદ, સાપાવાહ અને નદી ભારન છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **કોટ્રી, સિંધુ** નદીના કિનારા ઉપર આવેલું છે. ત્યાં રેલ્વેનું મોટું જંકશન છે. ત્યાંથી એક રેલ્વે સિંધુનદી ઉપરનો **કર્ઝનબ્રીજ** ઓળંગી **ગીધુબંદર** થઈને **હેદ્રાબાદ** જાયછે. અને બીજી સિંધુનદીને પશ્ચિમ કિનારે એમને એમ ઉત્તર તરફ **રૂક** જંકશન સુધી ચાલી જાય છે. આ શહેર ખુશ્કીના રસ્તાથી **માઝોંદા** અને **સેવણ** વગેરે સાથે જોડાયલું છે. અને બીજી બાજુથી **થાણાબુલાખાન** સાથે તથા ત્રીજી ગમથી કરાચી સુધી ઝરક, ઠઠા, ઘારા, **પિપરીને મલીરના** રસ્તાથી જોડાયલું છે. વળી **કરાચીની** સાથે રેલ્વેના રસ્તાથી પણ જોડાયલું છે.

એ શહેરમાં **મુખત્યારકારની** ઓફીસ **પોસ્ટ** ઓફીસ **તાર** ઓફીસ **એંગ્લોવર્નાક્યુલર** સ્કુલ **વર્નાક્યુલર** સ્કુલ છે. અને **છોકરાઓની** સ્કુલ તથા **હોસ્પીટલ** વગેરે છે. **કોટ્રી** અને **ગીધુબંદરની** વચ્ચે પુલ થયા પછી એક બીજા સાથે જોડાઇ ગયાં છે. એ શહેરમાં **સિંધી દારૂ** બનાવવાની સરકારી મોટી **ભઠ્ઠી** છે. જે માંથી દારૂ આખા **સિંધમાં** જાય છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતાં ગામ.

(૧) ઝરક—એ **સિંધુનદીના** કિનારાપર આવેલું છે ત્યાંથી નદીને સામે પાર જવા માટે **હમેશાં** નાની આગબોટ રાખવામાં આવે છે. વળી આ **શહેર ટેકરી**

ઉપર આવવાથી ત્યાંની હવા સારી છે માટે ગસ્તમાં સાહેબલોકો ત્યાં જઈને રહે છે.

(૨) ભીંચ આ ગામ કોટ્રીની ઉત્તરે સુમારે ૧૧-૧૨ ગાઉને અંતરે છે.

(૩) બુઢાપુર—એ રેલ્વેસ્ટેશનની નજીક છે.

(૪) ઉનડપુર—કોટ્રીની ઉત્તરે ૧૦ ગાઉ ઉપર રેલ્વેનું સ્ટેશન છે.

માઝીંદા મહાલ.

સીમા—ઉત્તરે સિંધુનદી અને સેવણ તાલુકો પુંર્વે સિંધુનદી, દક્ષિણે કોટ્રી તાલુકો અને પશ્ચિમે લક્કીના ડુંગરો છે.

એ મહાલ કરાચી જિલ્લાના કોટ્રી સબડિવિઝનમાં આવેલ છે એ મહાલ ૬ તપામાં વહેંચાયલો છે. અને વસ્તી ૨૧૮૦૫ માણસની છે.

તપાનાં નામ.

(૧) માઝીંદા (૨) લાખા, (૩) કાછો [૪) સન, (૫) આમરી અને ૬) લક્કી,

એ તાલુકાનું મુખ્ય શહેર માઝીંદા છે. એ શહેર રેલ્વે સ્ટેશનની નજીક છે. તેમાં મુખત્યારકારના બદલામાં મહાલકરી રહે છે. એમાં પોસ્ટ ઓફીસ તથા નિશાળ છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ.

[૧) આમરી—એ માઝીંદાની ઉત્તરે ૧૦ ગાઉ અને સેવણની દક્ષિણે ૧૦ ગાઉ ઉપર રેલ્વે સ્ટેશનની નજીક આવેલું છે,

(૨) **લક્કે**—એ **સિંદુનદીના** પશ્ચિમ કિનારા ઉપર રેલ્વે સ્ટેશન નજીક આવેલું છે.

(૩) **ધારાતીર્થ**—એ **લકકીથી** ૨ માઈલ દુર છે. તેમાં **ગરમ** પાણીનાં **ઝરણુ** છે. ત્યાં દર વરસે **મહા** મહીનામાં **શિવરાત્રી** ઉપર મોટા **મેળો** ભરાય છે.

(૪) **સન** એ-**સિંધુનદીના** કિનારા ઉપર રેલ્વે સ્ટેશનની પાસે આવેલાં છે. તે **માઝીંદાથી** ૧૧ માઈલ છેટે છે.

કોહીસ્તાન મહાલ

સીમા—ઉત્તરે **સેવણ** તાલુકો, **પુર્વે** કોટ્રી, **માઝીંદા** અને **ઠઠ્ઠાના** તાલુકા, દક્ષિણે **કરાચી** તાલૂકો અને પશ્ચિમે **ખીરથર** પર્વત તથા **કરાચી** તાલૂકો છે.

આ તાલૂકો **કરાચી** જિલ્લાના **કોટ્રી સબડિવિઝનમાં** આવેલ છે. એમાં ૧૮,૪૮૩ માણસની વસ્તી છે. એમાં તપા મુકરર કરેલા નથી. ત્યાં ફક્ત **મહાલકરી**, રહે છે. જે બધું કામ કરે છે. આ **તાલૂકો** ઘણું કરીને વરસાદ પડવાથીજ આબાદ થાય છે. એમાં મુખ્ય શહેર **થાણાબુલાખાન** છે. તેમાં **મહાલકરીને પોલીસનું** થાણું **સ્કૂલ** અને **હોસ્પિતાલ** વગેરે છે. એ તાલૂકામાં **હબ**, **બારન** અને **મલીરની** નદીઓ આવેલી છે.

મીરપુર ભઠોરા તાલુકો.

સીમા—ઉત્તરે **સિંધુ** નદી, પૂર્વે **ગુની** તાલૂકો દક્ષિણે **જાતિ** અને **સુજાવલ** તાલૂકા અને પશ્ચિમે **સુજાવલ** તાલૂકો તથા **સિંધુ** નદી છે.

આ તાલુકો **કરાચી** જિલ્લાના **શાહબંદર સબડિવિઝનમાં** આવેલ છે. એમાં ૩૮,૯૪૨ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૨ **તપાઓમાં** વહેંચાયલો છે.

તપાનાં નામ.

(૧) આટલશાહ, (૨) અનું, (૩) લાયકપુર, (૪) મંગીલઘોગોગો, (૫) ઘરો, (૬) અરારો, (૭) મીરપુર ભઠોરો, (૮) જહોક, (૯) જુણેજાણી, (૧૦) હામરી (૧૧) આમરા, (૧૨) મોજરી.

આ તાલુકામાં પીંજારી, ગંજબખ્બર, ફુલેવાહા અને મહમુદાવાહા છે.

આ તાલુકામાં **મીરપુર** ભઠોરા મુખ્ય શહેર છે. એ શહેર **ફુલે**નામે વહા ઉપર બેલા અને ટન્ડામહમદખાનની વચ્ચેના રસ્તા ઉપર છે. એ **સુજાવલની** દક્ષિણે ૧૩ માઇલ અને **મુગલભીમની** ઉત્તરે ૨૬ માઇલ દુર આવેલું છે. એ સિવાય **જહોક** અને બોરવાહ ગામોના પણ મુસરકીના રસ્તા છે. એમાં **મુખત્યારકારની** ઓફીસ, મુસાફરખાનું, જડજની કોર્ટ, પોલીસનું થાણું, પોસ્ટ ઓફીસ, હોસ્પીટલ સ્કુલ, વગેરે છે, આ શહેરમાં **સંઘાડાનું**, અને **રંગનું** કામ સારૂં થાય છે.

એ તાલુકામાં આવેલાં જાણીતાં ગામ.

(૧) **જોક**—એમાં દર વરસે સફર માસમાં **શાહઅનાયતઅલી** સુફીનો મેળો ભરાય છે.

(૨) **શાહકપુર**—એમાં દર વરસે **અમીર** પીરનો **મેળો** ભરાય છે.

(૩) **દરો**—**મીરપુરની** વાયવ્યે ૮ માઇલ પર **પીંજારી** વાહ ઉપર છે,

તાલુકો સુજાવલ.

સીમા—ઉત્તરે **મીરપુર** ભટોરા તાલુકો અને **સિંધુનદી**, પૂર્વે **મીરપુર** ભટોરા તાલુકો દક્ષિણે **જાતિ** તાલુકો અને પશ્ચિમે સિંધુ નદી છે.

આ તાલુકો કરાચી જીલ્લાના શાહબંદર સબડિવિઝનમાં આવેલ છે. એમાં ૩૪,૬૫૬ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૨ તપાઓમાં વહેંચાયલો છે.

તપાનાં નામ.

(૧) રાંટા, (૨) [illegible], (૩) સુરાઈપુર, (૪) પિનિલચો, (૫) [illegible], (૬) મીરાનપુર, (૭) સુજાવલ, (૮) વડહર, (૯) મીરઝાંજાણી, (૧૦) ગુલામહેર, (૧૧) ખારીચું અને (૧૨) ચાક.

આ તાલુકામાં પીંજારી અને મહમુદો વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર સુજાવલ છે. તેમાં મુખ્ત્યારકારને પોલીસનું થાણું અને સફાખાનું છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૨) કોટ આલમન, (૧) બેલો, (૩) સુખપુર વગેરે ગામો જાણીતાં છે.

જાતિ તાલુકો.

સીમા—ઉત્તરે **સુજાવલ**, **મીરપુર** ભટોરા અને **ગુની** તાલુકા પૂર્વે **બદીના** તાલુકો અને કચ્છનું રણ. દક્ષિણે **અરબી** સમુદ્ર અને **પશ્ચિમે** **શાહબંદર** તાલુકો છે.

આ તાલુકો કરાચી જિલ્લાના શાહબંદર સબડિવિઝનમાં છે. એમાં ૩૫૮૪૭ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૦ તપાઓ-માં વહેંચાયલો છે.

તપાનાં નામ.

(૧) મનારકી, (૨) બહાદીપુર, (૩) મરહોબુલા-ખાન, (૪) કોઠી, (૫) દોઝો, (૬) ટંગો, (૭) શીર-ગંઢા, (૮) મુગલભીમ, (૯) શાહકપુર અને (૧૦) સુલાન.

આ તાલુકામાં ગુંગડો, ગાદાબ, શેહરખાન, સિંધ અને મીરઝાંવાહો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર જાતિ છે. એમાં નિશાળ, પો-લીસનું થાણું અને પોસ્ટ ઓફીસ છે. એ શહેરમાં ઉનના કામળા સારા થાય છે.

એ તાલુકામાં આવેલાં બીજાં મોટાં ગામ.

(૧) મુગલભીમ—એ શહેરમાં દરવરસે ફાગણ મહિનામાં શાહ મુગલભીમનો મોટો મેળો ભરાય છે.

આ શહેર ગુંગડા નામની નહેર ઉપર છે. એની દક્ષિણે સુમારે ૧ ગાઉ દૂર એક મોટો બંધ બાંધેલો છે. મીરપુર બ-ઠોરાથી ૨૬ માઇલ અને શાહબંદરથી ૩૦ માઇલ નૈઋત્યે તથા બેલાના ગામથી ૩૩ માઇલ વાયવ્ય કોણ એ આવેલું છે. આ બધાં ખુશ્કીના માર્ગથી સાથે જોડાયલાં છે. સિંધ-માથી કચ્છ તરફ જવાના રસ્તા ઉપર લખપતથી ૪૮ માઇ-લ દૂર એ શહેર છે. લખપતથી સુમારે ૬ માઇલ ઉપર આવેલા નારાયણસરની જાત્રા માટે જનારા હજારો તીર્થવાસીઓ આ

રસ્તે થઇને જાય છે. એમ કહેવાય છે કે મુગલ અને ભીમ નામના બાપ દીકરાના મરણથી જગ્યાની યાદગીરી માટે એ શહેરનું નામ મુગલભીમ પડયું છે. એ શહેરમાં જાતિનો મુખ્ત્યારકાર રહે છે. તેમાં પોલીસનું થાણું પોસ્ટ ઓફીસ અને નિશાળ વગેરે છે.

શાહાબંદર તાલુકો

સીમા—ઉત્તરે **સિંધુનદી** અને **જાતિ** તાલુકો, પૂર્વે **જાતિ** તાલુકો, દક્ષિણે **અરબી** સમુદ્ર અને પશ્ચિમે **સિંધુનદી** છે.

આ તાલુકો **કરાચી** જિલ્લાના **શાહાબંદર સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૩૨,૭૨૩ માણસની **વસ્તી** છે. એમાં **કોરી, પીંજારી, માલ** અને મુદ્દણીના ફાંટાઓ આવેલા છે. કચ્છ અને સિંધની વચમાં કોરી, એ કુદરતી **સીમાડારૂપે** આવી ગઇ છે. એ તાલુકો ૧૦ **તપાઓમાં** વહેંચાયલો છે.

તપાનાં નામ.

(૧) બાબીહો, (૨) ભાગાણા, (૩) જીયંધ્રઝગીચજો (૪) શાહાબંદર, (૫) મંગસી, (૬) ગુંગાણી, (૭) ચુહર જમાલી, (૮) જુંગોજાભાણી, (૯ લાડીયું અને (૧૦) છછ-જાનખાન.

એ તાલુકામાં કોરી પીંજારી મહહ ને

મુટની ફાટ છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **શાહાબંદર** છે. શહાબંદર એટલે શાહાનું બંદર એ નામ પડવાનું કારણ એ છે કે ત્યાં મીરોનાં ૧૫ વહાણ રહેતાં હતાં એ શહેરમાં નિશાળ ને ટપાલ ઓફીસ છે.

અગાઉ ત્યાં મુખત્યારકારી અને પોલીસનું થાણું રહેતું હતું પણ હાલમાં ત્યાંથી કાઢી નાંખી લાડીમાં રાખવામાં આવ્યું છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) **લાડી**—એમાં દર વરસે ચૈત્ર મહીનામાં **શાહુચકી કનો** મેળો ભરાય છે.

(૨) **ચહુરજમાલી**—એ પણ જાણીતું ગામ છે.

હેદ્રાબાદ જિલ્લો.

સીમા—ઉતરે **નવાબશાહ** જિલ્લો. પૂર્વે **નવાબશાહ** અને **થરપારક** જિલ્લો, દક્ષિણે **કચ્છનું** રણ અને પશ્ચિમે **સિંધુનદી** છે.

એ જિલ્લાની વસ્તી ૬,૧૨,૦૭૯ માણસની છે. એમાં ઘણી નહેરો હોવાથી પાક સારો થાય છે. તેમાં મુખ્ય બાજરીની પેદાશ છે. ખરીફ પાકમાં ડાંગર, જુવાર, બાજરી અને રૂ તથા રવી પાકમાં ઘઉં, કોળ અને તમાકુ વગેરે થાય છે. એ જિલ્લાનો કેટલોક ભાગ સપાટ છે. તેમાં ખારી ઉજ્જડ જમીન છે. એક મોટું જંગલ પણ આ જિલ્લામાં છે. તેનાં લાકડાં તથા કોયલા બહાર મોકલવામાં આવે છે. કારીગરીને માટે આખા સિંધમાં હેદ્રાબાદ જિલ્લો બહુ પ્રખ્યાત છે. એની શેતરંજીઓ, રેશમી અને સુતરાઉ કાપડ, મીનાકારીના માટીનાં વાસણ કે જેને કાશીનાં વાસણ કહે છે તે, સંઘાડે ઉતારેલી લાકડાની રંગબેરંગી ડાબલીઓ, હીર અને કસબનું ભરતકામ તથા ચામડાની વસ્તુઓ બહુ વખણાય છે,

આ જિલ્લાનો રેવન્યુ અમલદાર કે ડિસ્ટ્રિક્ટ માજીસ્ટ્રેટ કલેક્ટર સાહેબ છે. તેના તાબામાં સબડિવિઝનોને માટે ૨ આસિસ્ટન્ટ કલેક્ટરો કે ડેપ્યુટી કલેક્ટરો અને એક હજુર ડેપ્યુટી કલેક્ટર ખજાનાને માટે રહે છે. ડેપ્યુટી કલેક્ટરોના તાબામાં તાલુકાની દેખરેખ રાખવા માટે ૭ મુખત્યારકારો રાખવામાં આવેલા છે.

આ જિલ્લાના ૨ સબડિવિઝન પાડેલા છે અને તેમાં બધા મળીને ૭ તાલુકા છે.

એ જિલ્લાના સબડિવિઝનનાં નામ.

(૧) હાલા સબડિવિઝન, (૨) ટન્ડા સબડિવિઝન,

હાલા સબડિવિઝનમાં આવેલા તાલુકાના નામ

(૧) હૈદ્રાબાદ (૨) ટન્ડા અલ્લાયાર, અને (૩) હાલા

ટન્ડા સબડિવિઝનમાં આવેલા તાલુકાનાં નામ

(૧) ગુની, (૨ બદીન (૩) ટન્ડાબાગા, (૪) દેરા મોહબદ.

હૈદ્રાબાદ તાલુકો.

સીમા—ઉતરે હાલા તાલુકો, પુર્વે ટન્ડાઅલાયાર અને ડેરામહોબ્બતના તાલુકો, દક્ષિણે ગુની તાલુકો અને પશ્ચિમે સિંધુ નદી છે.

આ તાલુકો હૈદ્રાબાદ જિલ્લાના હાલા સબડિવિઝનમાં આવેલ છે. એમાં ૧૪૮૪૫૭ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૫ તપાઓમાં વહેંચાયલો છે.

આ તાલુકામાં ફુલેલીફાટ, અમામ, ખોખર, ધાધરો અને સારફુરાઝ વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર હૈદ્રાબાદ છે. એ સિંધુ નદીથી ૩ માઇલ દુર પુર્વે કાંઠે આવેલું છે. મીરોના વખતમાં એ રાજ્યગાદીનું શહેર હતું. તેમાં ગુલામશાહ કલ્હોરાએ ઇ. સ. ૧૭૭૮ માં બંધાવેલો મોટો પ્રખ્યાત કિલ્લો છે. તેની અંદર ઈંગ્રેજ સરકારે એક મોટું તળાવ બંધાવ્યું છે. સિંધુ નદીમાંથી ગીદ્દુબંદર થઇને વસળયંત્રની મદદથી એ તળાવમાં નળવાટે પાણી આવે છે. અને ત્યાંથી નળવાટે આખા હૈદ્રાબાદ શહેરમાં પાણી પૂરૂં પાડવામાં આવે છે. એ કિલ્લાથી મારકીટ સુધી સીધી અને સાંકડી બજાર છે. સેન્ટ્રલ જેલ, મીરલોકોના કબરસ્તાની જગાઓ શિક્ષકોને તૈયાર કરવાની મેલટ્રનિંગ કોલેજ અને ફિમેલ ટ્રેનીગ કોલેજ, એગ્રિકલ્ચરસ્કુલ, અને ડાકટરનું કામ શીખવાની મેડિકલ સ્કુલ, હાઇસ્કુલ, સિવિલ-હાસ્પિટલ વગેરે જોવા લાયક જગાઓ ઘણી છે. હૈદ્રાબાદ એ રેલ્વેનું મોટું જંકશન છે. ત્યાંથી રેલ્વેનો એક ફાંટો કોટ્રી થઇને કરાચી તરફ બીજો ફાંટો રોરી થઇને પંજાબ તરફ અને ત્રીજો ફાંટો મારવાડ થઇને મુંબઇ તરફ જાય છે. મારવાડ તરફ જનારી આગગાડી નાના પાટા ઉપર ચાલે છે. અને તેનું કદ નોર્થવેસ્ટર્ન રેલ્વે કરતાં નાનું છે. આગળ કરાચીથી હૈદ્રાબાદ જનારા માણસો કોટ્રીથી સિંધુ નદીમાં ચાલતી આગબોટમાં બેસી હૈદ્રાબાદથી ૩ માઇલ દૂર આવેલા ગીદ્દુબંદરે ઉતરતાં અને ત્યાંથી ખુસ્કી રસ્તે હૈદ્રાબાદ તરફ જતાં પણ હાલમાં કોટ્રી અને ગિદ્દુબંદર વચ્ચે સિંધુ નદી ઉપર કર્ઝનબ્રીજ નામે પૂલ બાંધેલો હોવાથી તેની ઉપર રેલ્વે

આવેલો હોવાથી તેની ઉપર રેલ્વે તથા માણસ વગેરે સહેલથી આવજા કરી શકે છે.

ગીધુ બંદરપર વરશમાં ચાર મેળા ભરાય છે તેમાં એક ચૈત્ર સુદિ બીજનો જેને **ચેટીચંદનો** મેળો કહે છે તે અને બીજો મહા વિદિ ૧૪ નો જેને **શિવરાત્રીનો** મેળો કહે છે તે એ મુખ્ય છે. ગીધુબંદરમાં **દીવાના-ઓની** હોસ્પિટલ છે. સિંધુ નદીમાં **પલા** નામે **માછલાં** બહુ થાય છે ઘણા મચ્છીમારો મોટાં માટલાંપર બેસી નદીમાં એ માછલાં પકડવા જાય છે.

હૈદ્રાબાદ શહેર ટેકરી ઉપર આવેલું છે તેની પાસેની ટેકરીઓને **ગંજોટકર** કહે છે તેમાં **પીળી** માટીની ખાણો છે. એ ખાણોને **મેટની** ખાણો કહે છે. માણસો **માથે** ન્હાવામાં તથા લુગડાં ધોવાના ઉપયોગમાં એ **મેટ** વાવરેછે. **હૈદ્રાબાદ**થી સુમારે ૧૦ ગાઉ દુર **બરકીનું** ગામ છે. ત્યાં દરવરસે મોટો મેળો ભરાય છે. હિંદુઓ તેને **શેખ બરકીના** બદલામાં **રાજા વીરનો** મેળો કહે છે. **હૈદ્રાબાદથી** ૬ માઇલ ઉત્તરે **મિયાણી** અને **દબાનાં** ગામ છે; ત્યાં આગળ ઇ. સ. ૧૮૪૩ માં **ઇંગ્રેજો** અને **મીરોની** વચ્ચે જબરાં **યુદ્ધ** થયાં હતાં જેમાં **ઇંગ્રેજોએ** વિજય મેળવ્યા પછીથી **સિંધ** તેમના કબજામાં આવ્યું છે.

એ તાલુકાનાં આવેલાં બીજાં જાણીતાં ગામ.

(૧) **હુસરી**—એ **હૈદ્રાબાદની** અગ્નિકોણે ૩ ગાઉ દુર છે,

(૨) **ટન્ડાજામ**—એ **હૈદ્રાબાદથી** ૮ માઇલ દુર રેલ્વેના રસ્તા ઉપર રેલ્વે સ્ટેશન નજીક છે. એ ગામ

જામખાન ટાલપુરે વસાવ્યું હતું તેથી એને જામનો ટન્ડો કહે છે.

(૩) ટન્ડાકેશર—આ ગામ હૈદ્રાબાદની નૈઋત્ય કોણે સુમારે ૯ માઇલ દૂર આવેલું છે.

(૪) ટન્ડાફઝલ—એ હૈદ્રાબાદથી ૭ ગાઉ દૂર છે,

(૫) ટન્ડાહૈદર—એ હૈદ્રાબાદથી ૩ માઇલ દૂર છે.

ટન્ડા અલાયાર તાલુકો.

સીમા—ઉત્તરે **શાહદાદપુર** તાલૂકો, પૂર્વે **મીરપુરખાસ** તાલૂકો, દક્ષિણે **દેરામોબત** તાલૂકો અને પશ્ચિમે **હૈદ્રાબાદ** અને **હાલા** તાલૂકો છે.

આ તાલૂકો **હૈદ્રાબાદ** જિલ્લાના **હાલા** સબડિવિઝનમાં આવેલ છે. એમાં ૬૬,૪૦૯ માણસની વસ્તી છે. એ તાલૂકો ૧૫ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં સરફરાઝ નસીર અને ગેલુ વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **ટન્ડાઅલાયર** છે. એ **મીર ફતેહખાન** ટાલપૂરના દીકરા **મીર અલાયારે** વસાવ્યું હતું, તે ઉપરથી તેનું એ નામ પડયું છે. એ **શહેર હૈદ્રાબાદની** પૂર્વે ૨૪ માઈલ દુર રેલ્વેના રસ્તા ઉપર રેલ્વે સ્ટેશનની નજદીક છે. **હાલાની** અગ્નિકોણે ૩૨ માઇલ દુર એ શહેર છે. હૈદ્રાબાદ, **મીરપુરખાસ, હાલા** ટન્ડાઆદમ, **નસરપુર ગોરચાણી** અને ખોખર વગેરે ગામો જોડે પણ ખુશ્કીના રસ્તાથી એ જોડાયલું છે. એ શહેરમાં **મુખત્યારકારની** ઓફીસ, **પોસ્ટ** અને **તાર ઓફીસ**

મુસાફરખાનું અને **સ્કુલ** વગેરે મુખ્ય છે. ખાંડ, હાથી દાંત, અનાજ, કપાસ, તેલ અને ઘીનો મુખ્ય વેપાર એ શહેરમાં ચાલે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) **થુકેરા**—એ ગામ ટન્ડા **અલાયારથી** ૬ માઈલ દુર આવેલું છે. ત્યાં **પીરોની** ઘણી **કબરો** હોવાથી દરવરસે મેળો ભરાય છે, ઉદેરાલાલ અહીં પ્રગટ થયા હતા.

(૨) **ઓખર**—એ ગામ હાલાની અગ્નિકોણે ૧૦ ગાઉ દુર છે. એ ગામ **બહાદુરખાન** ઓખરે વસાવેલું હોવાથી તેનું એ નામ પડયું છે.

(૩) **નસરપુર**—એ ગામ ટન્ડા અલાયારની વાયવ્ય કોણે ૪ ગાઉ દુર છે. એમાં ગરમ **શેત્રંજીઓ, સુસીઓ નાડાં, ચાદરો** વગેરે વણકરનું કામ સારૂં થાય છે. અને માટીનાં મીનાકારીનાં વાસણ પણ સારાં **બને** છે. ત્યાં **મહમદશાહનો** મેળો ભરાય છે.

હાલા તાલુકો.

સીમા—ઉતરે **સકરંડ** તાલુકો, પુર્વે **શાહેદાદપુર** અને **અલાયાર** તાલુકા, દક્ષિણે **હૈદ્રાબાદ** તાલુકો અને પશ્ચિમે **સિંધુ** નદી છે.

આ તાલુકો **હૈદ્રાબાદ** જિલ્લાના હાલા સબડિવિઝનમાં આવેલો છે એમાં ૧,૦૫,૩૫૭ માણસની વસ્તી છે એ

તાલુકો ૧૭ તપાઓમાં વહેંચાયલો છે એમાં પાપડખાર ઘણો થાય છે.

એ તાલુકામાં **મારખ, સાંઘડો, કલ્યાણ ગેનુ નસીર** અને **સરફરાઝ** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **નવાહાલા** છે, એમાં માટીનું **મીનાકારી** કામ, લાકડાનું કામ જેને **હાલાપાટરી** કરીને કહે છે તે, **સુસીઓ** અને રંગબેરંગી **ચાદરો** વગેરે સારાં થાય છે. એ શહેરમાં મુખત્યારકારી, **જડજની** કોર્ટ, **પોસ્ટ અને તારઓફીસ, સ્કુલ પોલીસનું થાણું, હોસ્પીટલ** વગેરે છે. **ઘોટાણા, શહેદાદપુર,** અને **ટન્ડા આદમ** સાથે ખુશ્કીના રસ્તાથી એ જોડાયલું છે,

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) **જુનાહાલા.**

(૨) **ખનોઠ**—એમાં દાબડીઓનાં ગંજ, અને હિંદોળા ખાટ વગેરે બને છે.

(૩) **જીહેની**—એ ગામ રેલ્વેસ્ટેશનની નજદીક આવેલું છે. એમાં દરવરસે આસો અને ચૈત્રશુદી બીજને દિવસે ઉદેરાલાલનો મોટો મેળો ભરાય છે એ મેળામાં લાખો માણસો આવે છે અને લાખો રૂપીયાનો માલ વેચાય છે.

(૪) **ખુદાબાદ.** (૫) **અજનશાહા.** (૬) **બટશાહા.** (૭) **ઘોટાણા** (૮) **મટિયારી.** (૯) **બેબરખડો.** (૧૦) **સેબટિ.**

ગુની તાલુકો.

સીમા—ઉતરે હૈદ્રાબાદ તાલુકો, પુર્વે બદીના અને ડેરામોબતના તાલુકા, દક્ષિણે જાતિ તાલુકો

અને પશ્ચિમે મીરપુર ભઠોરા તથા સિંધુ નદી છે.

આ તાલુકો હૈદ્રાબાદ જિલ્લાના ટન્ડા સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૬૧,૩૬૬ માણસની વસ્તી છે. એ તાલુકો ૨૫ તપાઓમાં વહેંચાયલો છે;

એ તાલુકામાં ગુની, ગાજા, અલીભર, હુશનઅલી, ખૈરવાહા અને મુલચંદ વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર ટન્ડામહમદખાનના છે. એ શહેર મીર મહમદખાન ટાલાપુરે વશાવ્યું છે. તેથી એનું એ નામ પડયું છે. એ શહેર હૈદ્રાબાદની દક્ષિણે સુમારે ૨૧ માલલ દુર છે, એમાં મુખત્યારકારી, જડજની કોર્ટ હોસ્પીટલ, પોષ્ટ ઓફીસ, સ્કુલ, અને પોલીસનું થાણું છે. એ શહેરમાં બગીચા ઘણા છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતા ગામ.

(૧) કાત્યાર, (૨) ખોરવાહ, એમાં સફેદ ચોખા સારા થાય છે.

(૩) સૈયદપુર, (૪) બુલરી એમાં દર વરસે શાહ કરીમનો મેળો ભરાય છે.

બદીનાં તાલુકો.

સીમા—ઉતરે ટન્ડાબાગા તાલુકો, પુર્વે દીપલા અને ટન્ડાબાગાના તાલુકો, દક્ષિણે કચ્છનું રણ અને પશ્ચિમે ગુની તાલુકો છે.

આ તાલુકો હૈદ્રાબાદ જિલ્લાના ટન્ડા સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૮૩૬૮૫ માણસની વસ્તી છે. એ તાલુકો ૨૪ તપામાં વહેંચાયલો છે.

એ તાલુકામાં **ગુની, મીર** અને **નુર** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **બદીના** છે તે **હૈદરાબાદથી** ૬૨, અને **ટન્ડામહમદખાનથી** ૪૧ માઇલ દૂર છે એમાં **મુખત્યારકારની** ઓફીસ, **પોલીસનું** થાણું, **પોસ્ટ** ઓફીસ, અને સ્કુલ વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતાં ગામ.

(૧) તલાર. (૨) નયોશહેર.

ટન્ડાબાગા તાલુકો.

સીમા—ઉત્તરે **ડેરામોબત** તાલુકો પૂર્વે **ઉમરકોટ** અને **દીપલાના** તાલુકો અને દક્ષિણે તથા પશ્ચિમે **બદીના** તાલુકો છે.

આ તાલુકો હૈદ્રાબાદ જિલ્લાના ટન્ડા **સબડિવિઝનમાં** આવેલ છે. એમાં ૬૭૬૭૮ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૭ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં **ગુની, ગુલચંદ, નસીર, માણેક સાથી** અને **અલીભરકારો** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર ટન્ડાબાગા છે. એ **બાગાખાન ટાલપુરે** વસાવ્યું હતું. એ શહેરમાં **મુખત્યારકારી પોષ્ટઓફીસ, પોલીસનું** થાણું, **સ્કુલ** અને **મુસાફરખાનું** વગેરે છે. ટન્ડામહમદખાન, હૈદ્રાબાદ, ખૈરપુર, બદીના, અને ટન્ડા વગેરે શહેરોની સાથે એ શહેર ખુશ્કીના રસ્તાથી જોડાયલું છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ.

(૧) રાંઝુખાનાણી.

દેશ મોબત તાલુકો

સીમા—ઉત્તરે ટન્ડા અલ્લાયાર અને **મીરપુરખાસના** તાલુકા, પૂર્વે **જેમ્સઆબાદ** તાલુકો દક્ષિણે **ટન્ડાબાગા** તાલુકો અને પશ્ચિમે **ગુની** અને **હૈદ્રાબાદ** તાલુકા છે.

આ તાલુકો હૈદ્રાબાદ જિલ્લાના ટન્ડા **સબડિવિઝનમાં** આવેલ છે. એમાં ૪૯,૦૮૭ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૬ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં ગુ**ની**, ઇમામ, જાગીર, **મુલચંદ પીર અને અલીભર** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **માનલી** છે. એમાં **મુખત્યાર કારી, પોસ્ટ ઓફીસ, સ્કુલ,** અને **પોલીસનું** થાણું છે.

(૧) ટન્ડા ગુલામઅલી—એ ગામ **મહમદખાનની** પુર્વે ૨૦ માઇલ દુર છે. એમાં **પોસ્ટ** ઓફીસ છે.

નવાબશાહ જિલ્લો

સીમા—ઉત્તરે લાડકાણા જિલ્લો અને **ખૈરપુરસંસ્થાન** પુર્વે **ખૈરપુરસંસ્થાન** અને થરપારક જિલ્લો, દક્ષિણે **થર-પારક** જિલ્લો અને હૈદ્રાબાદ જિલ્લો અને પશ્ચિમે **સિંધુ નદી** છે.

એ જિલ્લાની વસ્તી ૪,૪૮,૪૭૮ માણસની છે. એમાં **નસરત, નવલખી,** ઉમ્મરો અને દાદ વગેરે મોટી નહેરો હોવાથી પાક સારો થાય છે. ખરીફ પાકમાં ડાંગર, બાજરી, **જુવાર,** તેલીયાં બીયાં અને રૂ તથા રવી પાકમાં ઘઉં, કઠોળ

અને તંબાકુ વગેરે થાય છે. આ જીલ્લો પણ કારીગરી અને પેદાશને માટે પ્રખ્યાત છે.

એ જિલ્લાનો રેવન્યુ અમલદાર કે ડિસ્ટ્રિક્ટ માજી-સ્ટ્રેટ કલેકટર સાહેબ છે તેમના તાબામાં સબડિવિઝનોને માટે ૨ આસિસ્ટંટ કલેકટરો કે ડેપ્યુટી કલેકટરો અને ૧ હજુર ડેપ્યુટી કલેકટર ખજાનાને માટે રહે છે. ડેપ્યુટી કલેકટરોના તાબામાં તાલુકાની દેખરેખ રાખવા માટે ૭ મુખત્યારકારો રાખવામાં આવેલા છે.

એ જિલ્લાના સબડિવિઝનનાં નામ.

(૧) નૌશેરા સબડિવિઝન, (૨) નસરત સબ-ડિવિઝન.

નૌશેરા સબડિવિઝનના તાલુકા

(૧) કંડિઆરો, (૨) નૌશેરો ફ્રુઇરોઝ, (૩) મોરો, (૪) સકરંદ.

નસરત સબડિવિઝનના તાલુકા

(૧) નસરત, (૨) શાહેદાદપુર (૩) સંજોરો.

કંડિઆરા તાલુકો

સીમા—ઉતરે અને પુર્વે ખૈરપુર સંસ્થાન, દક્ષિણે નૌશેરોફ્રુઇરોઝ તાલુકો અને પશ્ચિમે સિંધુ નદી છે.

આ તાલુકો હૈદ્રાબાદ જિલ્લાના નૌશેરો સબડિવિઝનમાં આવેલો છે એમાં ૬૫,૦૭૫ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૨ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં નસરત વાહો છે.

એ તાલુકાનું મુખ્યશહેર કંડીઆરો છે. એમાં મુખ્યારકારી, પોસ્ટ ઑફીસ, હુન્નરીશાળા અને મુસાફરખાનું વગેરે છે. એમાં સાદા દેશી કાગળ બને છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) બેઆણી, (૨) ખાનવહાણ, (૩) મહ્-રાબપુર અને (૪) મહમદપુરજતોઇ.

નૌશેરો ફઈરોઝ તાલુકો.

સીમા—ઉત્તરે **કંડીઆરી** તાલુકો પૂર્વે **ખૈરપુર સંસ્થાન** દક્ષિણે **મોરા** તાલુકો અને પશ્ચિમે **સિંધુ નદી** છે.

આ તાલુકો **નવાબશાહ** જિલ્લાના **નૌશેરા** સબડિવિ-ઝનમાં આવેલ છે. એમાં ૧,૦૧,૩૧૪ માણસની વસ્તી છે. એ તાલુકો ૨૦ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં **નસરત, નવલખી, બાંગ,** ફૈરોઝ અને **ધાધ** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર નૌશેરોફેરોઝ છે. એ **રેલ્વેનું** સ્ટેશન છે. ત્યાંથી **મોરા, કુન્ન, મડીઆણી** અને **પટઆન** તરફ પગરસ્તે જવાય છે. એ શહેરમાં **મુખ્યારકારી સબોર્ડિનેટ** જડજની કોર્ટ, પોસ્ટ ઓફીસ અને **પોલીસનું** થાણું વગેરે છે. એમાં રંગબેરંગી ચાંદ-નીઓ અને ગરમ શેત્રંજીઓ બને છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતા ગામ.

(૧) અબજી, (૨) ભિરિયા, (૩) દરખકેલો, (૪) ખાડીરાહુ (૫) ભિઢિઆણી, (૬) ઠારુશાહા,

(૭) આગોદેરો, (૮) પટઇધન એ એક મોટું રેલ્વે સ્ટેશન છે;

મોરો તાલુકો.

સીમા—ઉતરે નૌશેરા, ફ્રઇરોઝ તાલુકા, પુર્વે, ખૈરપુર સંસ્થાન અને સકરંદ તાલુકા, દક્ષિણે સરકંદ તાલુકા અને પશ્ચિમે સિંધુ નદી છે.

આ તાલુકો નવાબશાહ જિલ્લાના નૌશેરા સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૬૧,૦૯૨ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૨ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં ધાધ, મુરાદ અને પેરોઝ વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર મોરો છે. એ નૌશેરા ફેરોઝથી નૈઋત્યકોણે ૧૫ માઇલ દુર આવેલું છે. એમાં સિંધીસાબુ સારો બને છે. એ શહેરમાં મુખત્યારકારી, સ્કુલ, પોલીસનું થાણું, પોસ્ટ ઓફીસ અને મુસાફરખાનું વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ.

(૧) દરસ, (૨) દોલતપુર, (૩) દેપારની, (૪) તોઇ અને (૫) ભેરડેરા.

સકરંદ તાલુકો

સીમા—ઉત્તરે મોરા તાલુકો, પુર્વે ખૈરપુર સંસ્થાન દક્ષિણે શાહદાદપુર અને હાલા તાલુકા અને પશ્ચિમે સિંધુ નદી છે.

આ તાલુકો નવાબશાહ જિલ્લાના નૌશેરા સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૫૬,૭૫૯ માણસની વસ્તી છે. એ તાલુકો ૨૪ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં **મારખ, મુબારખ, રેન, હુરબરી અલીબર** અને **સદારંગ** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **સકરંદ** છે. એમાં **મુખત્યારકારી, સ્કુલ, પોસ્ટ** ઓફીસ, **હોસ્પીટલ** અને **પોલીસનું** થાણું છે. ત્યાંથી **નવાબશાહા** અને **મહેરાબપુર** તરફ પગ રસ્તે જવાય છે.

એ તાલુકારાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) **શાહપુર** એમાં એ ગામના **મહાલકરી** રહે છે.

(૨) **મહરાબપુર** એ ગામ આગળ **સિંધુ નદીને** સામે પાર જવા માટે હોડીઓ રાખવામાં આવે છે.

સહેદાદપુર તાલુકો

સીમા—ઉત્તરે **સકરંડ** તાલુકો, પૂર્વે **સાંઘડ** તાલુકો દક્ષિણે **ટન્ડાઅલાયાર** તાલુકો અને પશ્ચિમે **હાલા** તાલુકે છે.

આ તાલુકો **નવાબશાહ** જિલ્લાના **નસરતસબ-ડિવિઝનમાં** આવેલો છે. એમાં ૮૩,૩૯૪ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૯ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં **મારખ, સાંઘડો, જામ** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **શાહેદાદપુર** છે. તે **મીર શાહેદાદે** વસાવ્યું હતું. એ **જામ** વાહા ઉપર રેલ્વે સ્ટેશનની નજદીક છે. **બટશાહ, હાલા, સૈયદ-આબાદ, સકરંદ, જોલ, નબીરાણી,** અને **ટન્ડા આદમ** સાથે **ખુરશી**. રસ્તાથી એ જોડાયલું છે. **એમાં**

મુખત્યારકારી, પોસ્ટ ઓફીસ, મુસાફરખાનું, સ્કુલ અને પોલીસનું થાણું છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ.

(૧) બ્રાહ્મણાબાદ—એ શહેદાદપુરથી ૮ માઇલ દૂર પ્રાચીન સમયનું નાશ થઈ ગયેલું ગામ છે.

(૨) બાકરનઝામાણી—એમાં તંબાકુ સારો થાય છે.

(૩) ખદરો—એ ગામ શહેદાદપુરથી ૧૪ માઇલ દુર છે.

(૪) બેરાની—એ ગામ શહેદાદપુરથી ૧૦ માઇલ દૂર છે.

(૫) ટન્ડા આદમ—આ મોટું વેપારનું મથક છે. તેમાં રેસીડેન્ટ માજીસ્ટ્રેટની કોરટ તથા મ્યુનીસીપાલટી છે.

નસરત તાલુકો

સીમા—ઉતરે ખૈરપુરસંસ્થાન, અને મોરા તાલુકો પુર્વે ખૈરપુર સંસ્થાન, દક્ષિણે સહેદાપુર અને સંજોરો એ તાલુકા અને પશ્ચિમે સકરંદ તાલુકો છે.

આ નવો તાલુકો સકરંદ અને મોરાના તાલુકાઓમાંથી થોડો ભાગ લઇને બનાવેલો છે. એ નવાબશાહ જિલ્લાના નસરત સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૧૭ તપા છે. વસ્તી ૩૫,૬૮૧ માણસની છે.

આ તાલુકામાં નસરત મુખ્ય વાહો છે. જેથી આ તાલુકાનું નામ નસરત પડેલ છે. આ તાલુકામાં નવાબશાહ મુખ્ય શહેર છે. એ રેલ્વે સ્ટેશન છે. એમાં કલેકટરી અને મુખત્યારકારની ઓફીસ અને પોલીસનું થાણું છે. જડ્જ અને રેસીડન્ટ માજીસ્ટ્રેટની કોરટો છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) બુચેરી, (૨) ઠાઉર અને (૩) બાંઢી એ રેલ્વે સ્ટેશન છે.

સંજોરો તાલુકો.

સીમા—ઉતરે **નસરત**, પુર્વે **સાંઘડ**, દક્ષિણે **મીરપુરખાસ** ને ટન્ડા અલાયાર અને પશ્ચિમે **શાહેદાદપુર** તાલુકો છે.

એ તાલુકો **નવાબશાહ** જિલ્લાના **નસરત સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૪૫,૧૬૩ માણુસની વસ્તી છે. એ ૨૦ **તપાઓમાં** વહેંચાયલો છે. એ તાલુકામાં **જમરાઉ** અને **શાહુ** વગેરે વાહા છે.

એ તાલૂકાનું મુખ્ય શહેર **સંજોરો** છે. તેમાં **મહમલતદારની કચેરી, પોસ્ટઓફીસ, પોલીસનું થાણું** અને **સ્કુલ** છે.

લાડકાણા જિલ્લો.

સીમા—ઉતરે-ઉતર **સરહદ** જિલ્લો, પુર્વે **સખ્ખર** જિલ્લો **ખૈરપુર** સંસ્થાન તથા**હૈદ્રાબાદ** જિલ્લો, દક્ષિણે **કરાચી** જિલ્લો અને પશ્ચિમે **હાલાપર્વત** અને **ખીરથરના** પહાડો છે.

એ જિલ્લાની વસ્તી ૬,૬૦,૮૭૯ માણુસની છે. એમાં **ગળી અનાજ** અને **સફેદ ચોખા** બહુ થાય છે. એ જિલ્લાના **ચોખા** બહુ વખણાય છે. એ જિલ્લામાં **ખીરથર** અને **લક્કીના** પહાડો આવેલા છે, તેમાં ઉના પાણીનું ઝરણુ છે. **મંછર** નામે મોટું **સરોવર** અને સિંધુ નદીની **નહેરો** તથા પસ્ચિમ નાળું આ જીલ્લામાં વહે

છે. એ જિલ્લાની આબોહવા ગરમ અને ખુસ્ક છે, ઉનાળામાં ગરમી ઘણી પડે છે. તેમજ શીયાળામાં થંડી ઘણી પડે છે.

આ જિલ્લાનો મોટો રેવન્યુ અમલદાર કે ડિસ્ટ્રિક્ટ માજિસ્ત્રેટ કલેકટર સાહેબ છે. તેના તાબામાં સબ ડિવિઝનોને માટે ૩ આસિટંટ કલેકટર કે ડેપ્યુટી કલેકટરો અને એક હજુર ડેપ્યુટી કલેકટર ખજાનને માટે રહે છે. ડેપ્યુટી કલેકટરોના તાબામાં તાલુકાઓની દેખરેખ રાખવા માટે ૧૧ મુખ્ત્યારકારો રાખવામાં આવેલા છે.

આ જિલ્લાના ૪ સબ ડિવિઝન પાડેલા છે અને તેમાં બધા મળીને ૧૧ તાલુકા છે.

એ જિલ્લાના સબડિવિઝનનાં નામ.

(૧) લાડકાણા સબડિવિઝન. (૨) રતો ડેરો સબડિવિઝન (૩) મેહર સબડિવિઝન. અને (૪) સેવણ સબડિવિઝન.

લાડકાણા સબડિવિઝનમાં આવેલા તાલુકાના નામ

(૧) લાડકાણા, (૨) લબદરીઆ (૩) કંબર.

રતોદેરો સબડિવિઝનમાં આવેલા તાલુકાના નામ

(૧) રતોદેરો (૨) મીરોખાન.

મેહર સબડિવિઝનમાં આવેલાં તાલુકાના નામ

(૧) મેહર, (૨) નસીરાબાદ અને (૩) કકર.

સેવણ સબડિવિઝનમાં આવેલા તાલુકાના નામ

(૧) દાદુ, (૨) જોહી અને (૩) સેવણ.

લાડ કાણા તાલુકો.

સીમા—ઉત્તરે **રતોદેરો** તાલુકો, પુર્વે **સિંધુનદી** દક્ષણે **લબદરીઆ** તાલુકો અને પશ્ચમે **કંબર** તાલુકો છે.

આ તાલુકો **લાડકાણા** જીલ્લાના **લાડકાણા સબ-ડિવઝનમાં** આવેલો છે. એમાં ૧,૦૦૭૯૮ માણસની વસ્તી છે. એ તાલુકો ૨૭ **તપાઓમાં** વહેંચાયલો છે. એ તાલુકામાં **પશ્ચિમનાળો, ઘાર, જોરંગ** વગેરે ઘણી નહેરો આવેલી છે તેથી બહુ આબાદ છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **લાડકાણા** છે. એમાં જિલ્લાનો **કલેકટર, હજુર ડેપ્યુટી કલેકટર, પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ, મુખત્યારકાર, સબોર્ડિનેટ જડજ** વગેરે અમલદારો રહે છે એ શહેરના રસ્તા ઉપર બેઉ બાજુએ **ઝાડ** રોપેલા છે. ત્યાં એક જુનો **કિલ્લો** છે. તેમાં ઘણા વખત સુધી **દીવાનાઓની હોસ્પિટલ** હતી, એ શહેરમાં **અનાજનો** વેપાર ઘણો ચાલે છે. **કાંસાંના** વાસણો પણ ત્યાં સારા થાય છે. એમાં **હોસ્પીટલ, સ્કુલો, પોષ્ટઓફીસ, તારઓફીસ,** વગેરે જોવા લાયક છે, લાડકાણાનું રેલ્વે સ્ટેશન પણ મોટું છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતાં ગામ.

(૧) **અથાણુી**, (૨) **ઘોઘારો**, (૩) **બૈરપુરજોસા**, (૪) **ખલીદ**, (૫) **વકયાસાંગી** અને (૬) **વાલદા** વગેરે.

લબદરીઆ તાલુકો.

સીમા—ઉત્તરે **લાડકાણા** તાલુકો પૂર્વે **સિંધુનદી**,

દક્ષિણે સિંધુનદી, અને મેહર તાલુકો, અને પશ્ચિમે નસીરાબાદ તાલુકો, છે.

આ તાલુકો લાડકાણા જિલ્લાના લાડકાણા સબ-ડિવિઝનમાં આવેલો છે. એમાં ૬૯,૯૮૧ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૯ તપામાં વહેંચાયલો છે.

એ તાલુકામાં પસ્ચિમનળો, ગીલશારી, નસીરાબાદ ટીલો અને મુંદર વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર લબદરીઆ છે. તેમાં મુખત્યારકારી. પોષ્ટઓફીસ, પોલીસનું થાણું તથા સ્કુલ વગેરે છે.

એ તાલુકામાં આવેલાંબીજાં જાણીતાં ગામ.

(૧) અરેજા, (૨) ગેરેલા, અને (૩) માદબાહુ વગેરે.

કંબર તાલુકો

સીમા—ઉતરે ઉતર સરહદ જિલ્લો અને શહેદાદપુર તાલુકો પુર્વે રતોદેરો અને લાડકાણાના તાલૂકો, દક્ષિણે નસીરાબાદ તાલુકો, અને ખીરથરના પહાડ છે.

આ તાલુકો લાડકાણા જિલ્લાના લાડકાણા સબ-ડિવિઝનમાં આવેલો છે. એમાં ૯૧,૭૫૧ માણસની વસ્તી છે. એ તાલુકો ૨૪ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં પુરશાહા, પુરદાતે, નુર, નારંગ વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર કંબર છે. તેમાં મુખત્યારકારી, પોષ્ટ, ઓફીસ પોલીસનું થાણું અને સ્કુલ વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતા ગામ.

(૧) બેર, (૨) બઠી, (૩) ચજના (૪) ગેબી-દેરા, (૫) જુણેજા, (૬) મીઆણી વગેરે.

રતોદેરો તાલુકો.

સીમા—ઉતરે **જેકુબાબાદ** તાલુકો પુર્વે **નૌશેરો અબરો** તાલુકો, દક્ષિણે **લાડકાણા** તાલુકો અને પશ્ચિમે **કુંબર** તાલુકો છે.

આ તાલુકો **લાડકાણા** જિલ્લાના **રતોદેરો સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૭૭,૯૮૮ માણસની વસ્તી છે, એ તાલુકો ૨૦ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં **સખ્ખર, પુરબેરો, પુરબેરો** અને **નસરત** વગેરે વાહા છે.

એ તાલુકાનું **મુખ્ય** શહેર **રતોદેરો** છે એમાં **મુખ્યારકારની** ઑફીસ, **પોસ્ટ** ઑફીસ, **સ્કુલ** અને **મુસાફરખાનું** વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) **બંગલદેરો**, (૨) **ખેરોદેરો**, (૩) **નવો-દેરો** (૪) **પંજુઅબરો** અને (૫) **શાહાનોગામ.** વગેરે.

મીરોખાન તાલુકો

સીમા—ઉતરે **શાહેદાદપુર** તાલુકો, પુર્વે **રતોદેરો** તાલુકો, દક્ષિણે **લાડકાણા** અને **કુંબર** તાલુકા અને પશ્ચિમે **કુંબર** અને **શાહેદાદ-પુર** તાલુકા છે.

આ તાલુકો લાડકાણા જિલ્લાના **રતોદેરો સબ-ડિવિઝનમાં** આવેલો છે. કંબર, લાડકાણા, અને **રતોદેરો** એ તાલુકાઓમાંથી કેટલોક ભાગ લઇને આ તાલુકો ઇ. સ. ૧૯૧૨ માં બનાવવામાં આવ્યો છે. એમાં **ઘાર** અને **સક્ખર નહેરોની** શાખાઓ છે. એ તાલુકામાં મુખ્ય શહેર સુજાવલ અને **મીરોખાન** છે.

મેહર તાલુકો

સીમા—ઉત્તરે **નસીરાબાદ** તાલુકો પુર્વે **લબદરીઆ** તાલુકો અને **સિંધુનદી**, અને દક્ષિણે તથા પશ્ચિમે **કકર** તાલુકો છે.

આ તલુકો લાડકાણા જિલ્લાના **મેહેર સબડિવિઝનમાં** આવેલ છે. એમાં ૫૮,૨૨૧ માણસની વસ્તી છે એ તાલુકો ૧૭ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં પશ્ચિમનારો, ટામરાઉ અને કેકાલ વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **મેહેર** છે. એમાં **મુખ્યત્યારકારી**, ડેપ્યુટીકલેક્ટરનો બંગલો **પોલીસનું** થાણું, **હૉસ્પિટલ**, સ્કુલ અને મુસાફરખાનું વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ.

(૧) **મંગસી**, (૨) ઘરીમોહબત વગેરે.

વારાહ તાલુકો

સીમા—ઉતરે **કંબર** તાલુકો, પુર્વે **લબદરીઆ**. તાલુકો, દક્ષિણે **મેહર** તાલુકો અને પશ્ચિમે **કંબર** તાલુકો છે.

આ તાલુકો લાડકાણા જિલ્લના મેહર સબડિવિઝનમાં આવેલો છે એમાં ૫૭,૧૨૯ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૭ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **નસીરાબાદ** છે. એ મીર **નસીરખાન** ટાલપુરે વસાવ્યું હતું. એમાં **પોલીસનું** થાણું **મુસાફરખાનું** અને **સ્કુલ** વગેરે છે પણ **મુખ્ત્યારકારી** વારાહ ગામમાં છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતા ગામ.

(૧) ગાજી કહાવર અને (૨ વગાણુ વગેરે.

કકર તાલુકો.

સીમા—ઉતરે મેહર અને કંબર તાલુકા, પુર્વે દાદુ અને **મહેર** તાલુકા, દક્ષિણે જોહી તાલુકો અને પશ્ચિમે ખીરથર પર્વત છે.

આ તાલુકો લાડકાણા જિલ્લાના મેહેર **સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૪૫,૨૪૪ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૮ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં **પશ્ચિમનારો**, કુરણુ અને **પરચહ** વગેરે **વાહા** છે.

એ તાલુકાનું મુખ્ય શહેર કકર છે. એમાં **પોલીસનું** થાણું, મુસાફરખાનું અને સ્કુલ વગેરે છે પણ **મુખ્ત્યારકારની** ઑફીસ ખૈરપુરનાથનશાહમા આવેલી છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાતણીતાં ગામ

(૧) ખૈરપુરનાથનશાહા એમાં કકર તાલુકાનો મુખ્ત્યારકાર રહે છે. (૨) રાહુજા અને (૩) પટગુલમહમદ વગેરે છે.

દાદુ તાલુકો.

સીમા—ઉતરે કકર તાલુકો, પુર્વે **સિંધુનદી,** દક્ષિણે **સેવણ** તાલુકો અને પશ્ચિમે **જોહી** તાલૂકો છે.

આ તાલુકો **લાડકાણા** જિલ્લાના **સેવણ સબડિવિઝનમાં** આવેલ છે. એમાં. ૫૪,૬૭૭ માણુસની વસ્તી છે. એ તાલુકો ૧૬ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં **પશ્ચિમનાળો નુરપુર, ફિટુ** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર દાદુ છે. એ રેલ્વેનું મોટું સ્ટેશન છે એમાં **મુખ્ત્યારકારી, સ્કુલ, પોસ્ટ** ઓફીસ, **પોલીસનું** થાણું અને મુસાફરખાનું અને રેઝીડન્ડ માજીસ્ત્રેટની કોરટ છે.

(૧) ખુદાબાદ (૨) **સીતાં** અને (૩) ફક્કા વગેરે.

જોહી તાલુકો.

સીમા—ઉતરે કકર તાલુકો. પુર્વે દાદુ અને **સેવણ** તાલુકા; દક્ષિણે **સેવણ** તાલુકા અને પશ્ચિમે **ખીરથર** પર્વત છે.

આ તાલુકો લાડકાણા જિલ્લાના **સેવણ સબડિવિજનમાં** આવેલો છે. એમાં ૫૦,૧૮૭ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૮ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં પશ્ચિમનાળો છે.

એ તાલુંકાનુ મુખ્ય શહેર **જોહી** છે. એમાં **મુખ્ત્યારકારી પોસ્ટ** ઓફીસ, **પોલીસનું** થાણું, **સ્કુલલ** અને **મુસાફર ખાનું** વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતા ગામ

(૧) છિની, (૨) શાહહુશણુ, (૩) ફુલજી, (૪) ગુલામ મહમદનું ગામ અને (૫) બહાવલપુર વગેરે.

સેવણ તાલુકો

સીમા—ઉત્તરે દાદુ અને **જોહી** તાલુકા, પુર્વ **સિંધુનદી** અને **મઝીંદા** તાલુકો, દક્ષિણે **કોહિસ્તાત** અને પશ્ચિમે **ખિરથર** પર્વત છે.

આ તાલુકો **લાડકાણા** જિલ્લાના સેવણ **સબડિવિઝન માં** આવેલો છે. એમાં ૫૨૯૦૩ માણસની વસ્તી છે.

એ તાલુકામાં **પશ્ચિમનાળો, નુર, ધાનેસ્ટર ફીડ, અરલ નહેર ને મંછર** સરોવર છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **સેવણ** છે. એ ઘણું જુનું શહેર છે. ત્યાં **જયદ્રથના** વખતનો એક **જુનો** કિલ્લો છે. અને **લાલશાહબાજની** દરગાહ ત્યાં દરવરસે **લાલશાહબાજનો** મેળો ભરાય છે. તે ઉપર પરદેશથી ઘણાં માણસો આવે છે. **સેવણની** નજદીક **લકકીના** પહાડો છે, **તેમાં ઊના** પાણીનું ઝરણુ છે. તેને **ધારાતીર્થ** કહે છે. ત્યાં પણ દરવરસે મેળો ભરાય છે. એ પહાડને **ભગોટોડો** કહે છે. ત્યાં ઉનાળામાં બહુસખ્ત ગરમી પડે છે. એ

એ શહેરમાં **મુખત્યારકારી, પોસ્ટ** અને **તાર** ઓફીસ, **સ્કુલો, સબોર્ડિનેટ** જડજની **કોર્ટ અને હોસ્પિટલ વગેરે છે.**

એ તાલુકામાં આવેલા બીજા જાણીતા ગામ

(૧) આરાઝી, (૨) ભાન (૩) બુબક એમાં **ગાલીચા** સારા થાય છે. (૪) **જહાંગાર (૫) કરમપુર** અને (૬) **ટલટી** એ ગામ આગળ ઇ. સ. ૧૫૨૧ માં **શાહબેગ અર્ગુને જામફેરાઝને** હરાવ્યો હતો.

સખ્ખર જિલ્લો

સીમા—ઉતરે ઉત્તર સરહદ જિલ્લો પુર્વે **ભાવલપુર** અને **જેસલમીર,** દક્ષિણે **ખૈરપુર** સંસ્થાન અને પશ્ચિમે લાડકાણા તથા **ઉતર સરહદ** જિલ્લા છે.

આ જિલ્લાનો ઘણો ખરો પ્રદેશ સપાટ છે. તેમાં ઘણી નહેરો ખોદેલી છે તેથી પૂર આવે છે ત્યારે તમામ સ્થળે પાણી પ્રસરી વળે છે. અને **અનાજ** પુષ્કળ પાકે છે. **ખરીફ** પાકમાં **ડાંગર** અને જુવાર થાય છે તેમાં જુવાર ઘણી વધારે પાકે છે. અને **રવી** પાકમાં ઘઊં, જવ, ચણા વગેરે થાય છે. **ગળી** પણ ઘણી નીપજે છે. એ જિલ્લાની હવા ગરમ અને ખુશ્ક છે. એમાં ૫૭૩૯૧૩ માણસની વસ્તી છે.

આ જિલ્લાનો મોટો રેવન્યુ અમલદાર કે **ડિસ્ટ્રિક્ટ-માજિસ્ટ્રેટ કલેકટર** સાહેબ છે. ખૈરપુર સંસ્થાન ઉપર દેખરેખ રાખનાર પૉલિટિકલ એજન્ટ તરફિનું કામ પણ એજ બજાવે છે: તેના તાબામાં ૨ **ડેપ્યુટીકલેકટરો,** કે **આસિસ્ટન્ટ** કલેકટરો અને એક હજુર ડેપ્યુટી કલેકટર ખજાનાને માટે રહે છે. **ડેપ્યુટી** કલેકટરોના તાબામાં તાલુકાઓની દેખરેખ રાખવા માટે બધા મળીને ૭ **મુખત્યારકારો** રાખવામાં આવેલા છે.

આ જિલ્લાના ૨ સબડિવિઝન પાડેલા છે અને તેમાં બધા મળીને ૯ તાલુકા છે.

એ જિલ્લાના સબડિવિઝનનાં નામ

(૧) શિકારપુર સબડિવિઝન અને (૨) રોરી સબડિવિઝન. (૩) મીરપુર સબડિવિઝન

શિકારપુર સબડિવિજનમાં આવેલા તાલુકાનાં નામ

(૧) શિકારપુર, (૨) સખ્ખર, (૩) નૌશહરો-અબરો.

રોરી સબડિવિજનમાં આવેલા તાલુકાનાં નામ

(૧) રોરી, (૨) ગોટકી, (૩) પનો આકીલ.

મીરપુર સબડિવિઝનમાં આવેલા તાલુકાનાંનામ

(૧) મીરપુર માથેલો (૨) ઉબાવડા.

શિકારપુર તાલુકો

સીમા—ઉત્તરે [illegible] તાલુકા પૂર્વે [illegible] તાલુકા દક્ષિણે નૌશહરોઅબરો અને સખ્ખરના તાલુકા અને પશ્ચિમે [illegible] છે.

આ તાલુકો સખ્ખર જિલ્લાના શિકારપુર સબડિવિઝનમાં છે. એમાં ૧૧૯૬૧૪ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૭ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં [illegible] [illegible] અને છાટાબેગારી વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર શિકારપુર છે. એમાં **મુખત્યારકારી**, પોસ્ટ અને તાર ઓફીસ, હાઇસ્કુલ,

સિવિલ હૉસ્પિટલ, સિંધી સ્કુલો અને **જેલ** વગેરે છે. એ રેલ્વેનું મોટું સ્ટેશન છે. એને પહેલાં **ખોરાસાનની** ભાગોળ કહેતા હતા. એમાં વેપાર સારો ચાલે છે. ત્યાંના રહેવાશી વેપારીઓ હોવાથી મોટી મોટી **મુસાફરીઓ** કરે છે. તેઓ ખુશમિજાજી છે. **શિકારપુર** એટલે શિકાર કરવાની જગા. આ શહેરની આસપાસ ચોતરફ ગઢ હતો તે હમણા ભાગી તુટી ગયો છે, એ ગઢને આઠ દરવાજા હતા તેનાં નામો હજુ સુધી શહેરના જૂદા જૂદા ભાગો ઉપર પડેલાં છે. (જેમકે **લખી** દરવાજો, **નોશહેરો** દરવાજો, **કરન** દરવાજો, **વાગણું** દરવાજો, **હાથી** દરવાજા, **હજારી** દરવાજો **સીવી** દરવાજો, અને **ખાનપુરી** દારવાજો) ત્યાં ઉનાળામાં બહૂ તાપ પડે છે, માટે બજારો ઢાંકેલી છે. શહેરમાં હમેશા ધુળ ઘણી હોવાથી રસ્તામાં ઘાંસ પાથરવામાં આવે છે. જો ઘાસ પાથરેલુ ન હોય તો રસ્તામાં ધુળ ઉડે. **બલુચિસ્તાન અને અફઘાનિસ્તાન** સાથે ઘણાં વરસ થયાં જબરો વેપાર ચાલે છે, માટે **શિકારપુરના** ઘણા વેપારીઓ વરસોનાં વરસ ત્યાંજ ગાળે છે.

એ તાલુકામાં આવેલા બીજા જાણીતાં ગામ

(૧) હિમાયુ (૨) જાગન (૩) ખાનપુર (૪) કોટ સુલતાન અને **(૫) મીઆંસાહેબ** વગેરે.

સખ્ખર તાલુકો

સીમા—ઉતરે શિકારપુર તાલૂકા, પૂર્વે **રોરી તાલુકો** દક્ષિણે **સિંધુનદી** અને **પશ્ચિમે નૌશાહેરો** અબરો તાલૂકા છે.

એ તાલુકો, સખ્ખર જિલ્લાના શિકારપુર ડિવિઝનમાં આવેલો છે. એમાં ૧૦૩૧૦૯ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૪ તપાઓમાં વહેંચાયેલો છે.

એતાલુકામાં સખ્ખર, સિંધ અને ગરંગ વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર નવું સખ્ખર, છે. એ સિંધુ-નદીની જમણી બાજુએ આવેલ છે તેમાં મીર મોસુમશાહ નો મોટો મિનારો છે. તેના જેટલી ઉંચી જગા સિંધમાં બીજે ક્યાંઇ નથી. એની સામેના નદીના કાંઠા ઉપર રોરી શહેર છે. આ બે શહેરની વચ્ચે નદીમાં બખ્ખર નામે બેટ છે. સખ્ખર થી રોરી સુધી રેલ્વેવાળાઓ એ બખ્ખરમાં થઇને એક મોટો પુલ બાંધ્યો છે. એ પુલને લેન્સડાઉન બ્રીજ કહે છે. એ બહુ જોવા લાયક છે. ત્યાંથી થોડે દુર સિંધુનદીમાં સાદ-બેલો નામે બેટ છે તે બહુ સુંદર છે એ બેટમાં ઘણાક સાધુ પુરૂષો રહે છે. ત્યાં દર વરસે મેળા ભરાય છે. સખ્ખરમા કલેક્ટરી, ડિસ્ટ્રિક્ટ જડજની કોર્ટ મુખ્ત્યારકારી, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની ઓફીસ, પોસ્ટ અને તાર ઓફીઓ, સ્કુલો વગેરે છે. નવા સખ્ખરથી જૂનું સખ્ખર ૧ માઇલ દુર છે. આ શહેર ઇ. સ. ૧૮૪૨ માં ઇંગ્રેજોને કરાંચી, ઠઠ્ઠા અને રોહરીની સાથે મળેલું છે.

એ તાલુકામાં આવેલાંબીજાં જાણીતાં ગામ.

(૧) આઃબાદ, (૨) બાગરજી, (૩) ચક, (૪) ગરીબદુશાહ, (૫) ગોસરજી, (૬) લખી, (૭)

મારી, (૮) મીઆણી (૯) રૂસ્ત અને (૧૦) વઝીરાબાદ વગેરે.

નૌશહેરો અબરો તાલુકો.

સીમા—ઉતરે શિકારપુર તાલુકા, પુર્વે સખ્ખર તાલુકા, દક્ષિણે સિંધુનદી અને પશ્ચિમ સ્તોદેરો તાલુકો છે.

આ તાલુકો સખ્ખર જિલ્લાના શિકારપુર સબડિવીઝનમાં આવેલો છે એમાં ૭૫૯૮૩ માણસની વસ્તી છે. એ તાલુકો ૨૦ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલૂકાનું સિંધ, સખ્ખર સુગર અને ઘાડો વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્યશહેર ગરીયાસીન છે. એમાં મુખ્ત્યારકારી, પોલીસનું થાણું અને સ્કુલ વગેરે છે. એમાં તેલનો વેપાર બહુ ચાલે છે.

એ તાલુકામાં આવેલા જાણીતાં ગામ

(૧) જાહલી, (૨) અમરોની, (૩) ઠપાણ, (૪) ગેહીજા, (૫) કોટ હબીબ અને (૬) મહેજી વગેરે

રોરી તાલુકો

સીમા—ઉત્તરે શિકારપુર અને ઘોટકી તાલૂકા, પુર્વે મીરપુરમાથેલો તાલુકો અને જેસલમીર, દક્ષિણે ખૈરપુર સંસ્થાન અને પશ્ચિમે ખૈરપુર સંસ્થાન તથા સિંધુનદી છે.

આ તાલુકો સખ્ખર જિલ્લાના રોરિ સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૮૭૬૪૨ માણસની વસ્તી છે. એ તાલુકો

૧૨ તપાઓમાં વહેંચાયલો છે. એ તાલુકામાં રેતીના ઢગલા કેટલેક ઠેકાણે જોવામાં આવે છે.

એ તાલુકામાં પુર્વે નાળો અને અરૂર વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર રોરી છે. એ સખ્ખરની સામે સિંધુનદીને ડાબે કિનારે આવેલું છે. એ રેલ્વેનું મોટું સ્ટેશન છે. હૈદ્રાબાદથી ઉપડેલી રેલ્વે સિંધુનદીને પૂર્વે કિનારે થઈને રોરી આવે છે અને ત્યાંથી પંજાબ તરફ જાય છે. એ ઘણું જુનું શહેર છે. એ ટેકરી ઉપર વસેલું છે. સિંધુનદી હમેશાં આ ટેકરાની પાસે થઈનેજ વહે છે. અહીં મુસલમાનોના પેગંબર સાહેબના બલિમુબારકની બંદગી કરવાની જગા તથા પીરોની ઘણી કબરો છે. એ શહેરમાં મુખ્ત્યારકારી, સબોર્ડિનેટ જડજની કોર્ટ, પોલીસનું થાણું, પોસ્ટ અને તાર ઓફીસ તથા સ્કુલો છે. વળી એમાં જામેહી મસ્ઝીદ અને ઇદગાની મસ્ઝીદો છે તેઓની બાંધણી ઘણી સારી અને જોવા લાયક છે.

એ તાલુકામાં આવેલા બીજા જાણીતા ગામ

(૧) અલોડ, (૨) પનહવારી, (૩) પીરજો ગોઠ અને (૪)સંગરાર વગેરે.

ઘોટકી તાલુકો.

સીમા—ઉત્તરે ભાવલપુર અને સિંધુનદી, પૂર્વે મીરપુરમાથેલા તાલુકો દક્ષિણે રોરી તાલુકો અને પશ્ચિમે સિંધુનદી છે.

એ તાલુકો સખ્ખરજિલ્લાના રોરી સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૪૬,૦૮૭ માણસની વસ્તી છે. એ

તાલુકો ૨૦ તપાઓમાં વહેંચાયલો છે. એ તાલુકાનો ઘણો ભાગ રેતાળ છે.

એ તાલુકમાં લુઢો અને ઢીંગરો વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર ઘોટકી છે તે રેલવેસ્ટેશન છે. એમાં મુખત્યારકારી, પોસ્ટઓફીસ, પોલીસનું થાણું અને સ્કુલ વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) આદલપુર અને (૨)ટન્ડાનજાબત વગેરે.

પનો આકીલ તાલુકો.

સીમા—ઉતરે ઘોટકી પુર્વે મીરપુર માથેલો, દક્ષિણે રોરી અને પશ્ચિમે સિંધુનદી છે.

આ તાલુકો સખ્ખર જિલ્લાના રોરી સબડિવિઝનમા આવેલો છે. એમાં ૪૫,૨૬૧ માણુસની વસ્તી છે. એ તાલુકો ૧૨ તપામાં વહેંચાયલો છે. એમાં મૈસર કોરાઇ અને જાનબ વાહા છે.

એ તાલુકાનું મુખ્યે શહેર પનોઆકીલ છે તેમાં મુખત્યારકારની કચેરી, પોસ્ટ, પોલીસનું થાણું અને સ્કુલ વગેરે છે.

મીરપુર માથેલો તાલુકો,

સીમા—ઉતરે ઉબાવરા અને ઘોટકીના તાલુકા, પુર્વે જેસલમીર, દક્ષિણે રોરી તાલુકો અને પશ્ચિમે ઘોટકી તાલુકો છે.

આ તાલુકો સખ્ખર જિલ્લાના રોરી સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૫૧૩૫૩ માણુસની વસ્તી છે. એ

તાલુકો ૧૫ તપાઓમાં વહેંચાયલો છે. એ તાલુકામાં ઘણે ઠેકાણે રેતીના ટેકરા જોવામાં આવે છે.

એ તાલુકામાં સહર, દહર, મસુ અને લુંઢા વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર મીરપુર છે. તે રેલ્વેસ્ટેશન છે. એમાં મુખત્યારકારી, મુસાફરખાનું, પોલીસનું થાણું, પોસ્ટ અને તારઓફીસ તથા સ્કુલ વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) પકાપતાફી. (૨) ખાનપુર અને (૩) ઠેકરાયે વગેરે.

ઉબાવડા તાલુકો

સીમા—ઉતરે અને પુર્વે ભાવલપુર, દક્ષિણે મીરપુર માથેલા તાલુકો અને પશ્ચિમે ઘોટકી તાલુકો છે.

આ તાલુકો સખ્ખર જિલ્લાના રોરી સબડિવિઝનમાંઆવેલો છે. એમાં ૪૪૫૬૪ માણુસની વસ્તી છે. એ તાલુકો ૧૨ તપાઓમાં વહેંચાયલો છે. એમાં ઘણે ઠેકાણે રેતીના ઢગલા જોવામાં આવે છે.

એ તાલુકામાં માહીદરહ અને મસુ વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર ઉબાવડા છે એમાં મુખત્યારકારી, સ્કુલ, મુસાફરખાનું, પોલીસનું થાણું અને પોસ્ટઓફીસ વગેરે છે, એમાં ખૈરપુરવાળા જામઅબદાલીનો રંગમહેલ અને શેખમહમદની મસજીદ વગેરે ઇમારતો જોવા લાયક છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાતણીતાં ગામ

(૧) મીરપુરદહેરકી—એ રેલ્વેસ્ટેશન છે, (૨) શંવતી, (૩ ૩) ખંભરા વગેરે.

થરપારક જિલ્લો.

આ જિલ્લો સિંધની અગ્નિકોણે આવેલો છે.

સીમા—ઉતરે ખઇરપુર સંસ્થાન, પુર્વે જોધપુર
દક્ષિણે કચ્છનું રણ અને પશ્ચિમે હૈદ્રાબાદ
જિલ્લો છે.

એ જિલ્લાનો ઘણો ભાગ રેતાળ છે. એમાં વરસાદ બહુ થોડો પડેછે તેથી, તથા કેટલાક ભાગમાં નહેરો ન હોવાથી તેવે ઠેકાણે પાણીની બહુ તંગાસ પડેછે, કુવા બહુ ઉંડા હોય છે. અને માત્ર થોડા ઘણા વરસાદ ઉપર અખો આધાર રહે છે. તો પણ નારા ડિવિઝનમાં પુર્વે નાળો, મીઠરાઉ વાહા, જમરાઉ વાહા, દમવાહા હેરલવાહા શેહેદાદ વાહા વગેરે નહેરો અને મખીનું સરોવર હોવાને લીધે એ ભાગ આબાદ છે. અને ત્યાં નીપજ સારી થાય છે, એ સિવાય બીજા રેતાળ ભાગમાં મુસાફરી કરનારાઓની નજરે દિવસના તડકાની વેળાએ દુરથી ઝાંઝવાં (મૃગજળ) નો દેખાવ જણાય છે. એ જિલ્લામાં શિયાળામાં સખ્ત થંડી અને ઉનાળામાં સખ્ત ગરમી પડે છે. એ જિલ્લામાં અનાજના પાકમાં મુખ્ય બાજરીનો પાક છે. ઉનના કામળા, જાડાં લુગડાં અને પારકરી વાટકા વગેરેઓનો હુન્નર ઘણો છે. મુખ્ય વેપાર ઘી, ઢોરો અને પાપડીઆ ખારાનો છે. ઘણે ઠેકાણે નાગો વગેરે ઝેરી

જાનવરો અને ઘોરખર વગેરે જાનવરો જોવામાં આવે છે. એ જિલ્લામાં ૪,૩૩,૩૯૮ માણસની વસ્તી છે. લોકો ઘી, દુધ અને બાજરી ઉપર ઘણું કરીને પોતાનો ગુજારો ચલાવે છે, એમાં મુખ્ય **સોઢા** અને **ખોસાની** જાતો છે. ભીલોની વસ્તી પણ ઘણી છે. તેમાંના ઘણા ચોરો હોય છે. એ જિલ્લાની મુખ્ય ભાષા **સિંધી** અને **કચ્છી** ભાષાના મિશ્રણવાળી છે.

એ જિલ્લાનો મુખ્ય રેવન્યુ અમલદાર **કલેક્ટર સાહેબ** છે. અને તેમનું મુખ્ય સ્થળ **મીરપુર ખાસ** છે. તેના તાબામાં ૩ **ડેપ્યુટી કલેક્ટરો** કે **આસિસ્ટન્ટ કલેક્ટરોને** એક **હજુર ડેપ્યુટી કલેક્ટર** ખજાનાનો રહે છે.

એ જિલ્લો ૩ **સબડિવિઝનમાં** વહેંચાયલો છે. અને તેમાં બધા મળીને ૧૧ તાલુકા છે. તે દરેક તાલુકામાં મુખત્યારકાર રહે છે.

એ જિલ્લાના સબડિવિઝનનાં નામ

(૧) **નારો સબડિવિઝન** અને (૨) **થર સબડિવિઝન**, અને (૩) **મીરપુરખાસ સમડિવિઝન.**

નારા સબડિવિઝનમાં આવેલા તાલુકાનાં નામ

(૧) **ઉમરકોટ**, (૨) **ખીપરા**, (૩) **સાંગડ**, (૪) **પિંથુઅકા**

થર સબડિવિઝનમાં આવેલા તાલુકાનાંનામ

(૧) **મીઠી**, (૨) **દીપલા**, (૩) **છાછરા** અને (૪) **નગરપારકર**,

મીરપુરખાસ સબડિવિજનમાં આવેલા તાલુકાનાં નામ

(૧) મીરપુરખાસ, (૨) જેમ્સાબાદ, (૩) ડીગ્રી

ઉમરકોટ તાલુકો.

સીમા— ઉતરે **ખીપરા** તાલુકો, પુર્વે **છાછરા** તાલુકો દક્ષિણે **મીઠી** અને **દીપલા** તાલુકા, અને પશ્ચિમે **જેમ્સઆબાદ** તાલુકો છે.

આ તાલુકો **થરપારકર** જિલ્લાના **નારા સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૫૧,૮૫૯ માણસની વસ્તી છે. એ તાલૂકો ૧૩ તપાઓમાં વહેંચાયલો છે. એ તાલુકામાં પુર્વનાળો, છોર અને થર વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર ઉમરકોટ છે. એ ઉમર સુમરાએ વસાવ્યું હતું. એ શહેર રેલ્વે અને ખુશ્કીના રસ્તાથી હૈદ્રાબાદ સાથે જોડાયલું છે. એ શહેરમાં ઇ. સ. ૧૫૪૨ માં નામદાર અકબર બાદશાહનો જન્મ થયો હતો. હજી પણ તે જગા ઉપર નિશાનીને માટે પથરા ખોડેલા છે. એ શહેર ટાલપુરો પાસેથી ઇ. સ. ૧૮૪૩ માં ઇંગ્રેજોને મળ્યું છે. એમાં મુખત્યારકારી, સ્કુલો, પોસ્ટ અને તારઓફીસ, પોલીસનુંથાણું વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતા ગામ.

(૧) છોર, (૨) નબીસર વગેરે

ખીપરા તાલુકો.

સીમા—ઉતરે ખઇરપુર સંસ્થાન, પુર્વે જોધપુર, દક્ષિણે ઉમરકોટ તાલૂકો અને પશ્ચિમે સાંઘડ અને મીરપુર ખાસ તાલુકા છે.

એ તાલુકો **થરપારકર** જિલ્લાના **નારા સબડિવિઝ-નમાં** આવેલો છે, એમાં ૪૬૧૭૧ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૫ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં પુર્વે **નાળો, ખીપરો અને મીઠરાઉ** વગેરે વાહા છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **ખીપરો** છે. એમાં **મુખત્યા રકારી, પોસ્ટ** ઓફીસ, **પોલીસનું** થાણું અને **સ્કુલ** છે. એમાં વણકરનું અને રંગવાનું કામ ઘણું થાય છે.

એ તાલુકામાં આવેલા બીજા જાણીતા ગામ

(૧) ગુલામનબીશાહનું ગામ. (૨) **સાદીપલી** એ રેલ્વે સ્ટેશન છે અને (૩) અકરી એ પણ રેલ્વે સ્ટેશન છે.

સાંઘડ તાલુકો.

સીમા—ઉતરે ખેરપુર સંસ્થાન. પુર્વે અને દક્ષિણે **ખીપરો** તાલુકો તથા દક્ષિણે **શાહદાદપુર** તાલુકો છે.

આ તાલુકો **થરપારકર** જિલ્લાના **નારા સબડિવિ-ઝનમાં** આવેલો છે. એમાં ૩૧,૩૦૧ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૦ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં પુર્વે **નાળો, મીઠરાઉ, થમ** અને **હીરન** વગેરે વાહા છે.

એમાં **મખી સરોવર** છે. એની ચોતરફ ઘાડું જંગલ છે. તેમાં હુર જાતના લોકો રહેતા હતા.

એ તાલુકાનું મુખ્ય શહેર **સાંઘડ** છે એમાં **મુખત્યા રકારી, પોલીસનું** થાણું, **સ્કુલ, મુસાફરખાનું** અને **પોસ્ટ** ઓફીસ, વગેરે છે. એની નજીક **મખીનું** સરોવર છે તેથી ડાંસ ઘણા થાય છે.

એ તાલુકામાં આવેલા જાણીતાં ગામ

(૧) **જોલ** વગેરે.

જેમ્સાબાદ તાલુકો

સીમા—ઉતરે ખીપરો તાલુકો, પુર્વે અને દક્ષિણે ઉમરકોટ તાલુકો તથા પશ્ચિમે **મીરપુરખાસ** અને **ડેરામહોબતના** તાલુકા છે.

આ તાલુકો થરપારકર જિલ્લાના **મીરપુરખાસ સબડિવિઝનમાં** આવેલો છે. એને આગળ **સામાંરા** તાલુકો કહેતા પરંતુ સિંધના માજી **કમીશનર જેમ્સ સાહેબની** યાદગીરી માટે હાલમાં તેનું નામ **જેમ્સાબાદ** તાલુકો પાડયું છે. એમાં ૩૬,૭૦૭ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૬ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં જમરાઉ અને પુરાણ વગેરે વાહા છે.

આ તાલુકાનું મુખ્ય શહેર જેમ્સાબાદ છે. એમાં **મુખત્યારકારી,** પોલીસનું થાણું, પોસ્ટ ઓફીસ, અને **સ્કુલ** વગેરે છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) જહેડો, (૨) **ડુંગાણી,** એ રેલ્વે સ્ટેશન છે.

પીથુંઅરો તાલુકો

સીમા—ઉતરે **ખીપરો** તાલુકો પૂર્વે અને દક્ષિણે **ઉમરકોટ** તાલુકો, અને પશ્ચિમે **જેમ્સાબાદ** તાલુકો છે.

એ તાલુકો **થરપારકર જિલ્લાના નારા સબડિવિઝનમાં** આવેલો છે એમાં ૩૫,૫૩૭ માણસની વસ્તી છે.

એ તાલુકો ૧૬ **તપાઓમાં** વહેંચાયલો છે. એમાં **મીઠ-રાઉ, હેરલ** અને **ઢોરોનારો** વગેરે વાહા છે.

એમાં મુખ્ય શહેર **સામારો** છે. તેમાં **મહમલતદારની કચેરી,** પોસ્ટ ઓફીસ ને પોલીસનું થાણું છે.

મીઠી તાલુકો

સીમા—ઉત્તરે છાહરા અને ઉમરકોટ તાલુકા, પુર્વે **નગરપારકર** તાલુકો. દક્ષિણે **કચ્છનું રણ** અને પશ્ચિમે **દીપલા** તાલુકો છે.

આ તાલુકો **થરપારકર** જિલ્લાના **થર સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૪૧૪૭૨ માણસની વસ્તી છે. એ તાલુકાનું મુખ્ય શહેર **મીઠી** છે. એમાં **મુખ્ત્યારકારી' પોલીસનું** થાણું, પોસ્ટ ઓફીસ અને **સ્કુલ** વગેરે છે.

એ તાલુકામાં આવેલાંબાજાં જાણીતાં ગામ.

(૧) **અસલામકોટ,** વગેરે.

દીપલો તાલુકો

સીમા—ઉતરે **જેમ્સાબાદ, ટન્ડા બાગા** અને **મીઠી** તાલુકા, પુર્વે **મીઠી** તાલુકો. દક્ષિણે **કચ્છ-નું** રણ અને પશ્ચિમે **બદીના** તથા **ટન્ડા** બાગા તાલુકા છે.

આ તાલુકો **થરપારકર** જિલ્લાના **થર સબડિવિઝનમા** આવેલો છે. એમાં ૨૫,૯૬૯ માણસની વસ્તી છે. એ તાલુકો ૪ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **દીપલો** છે. એમાં **મુખ્ત્યારકારી, પોલીસનું** થાણું, **સ્કુલ, પોસ્ટ ઓફીસ,** અને **હોસ્પીટલ** છે.

એ તાલુકામાં આવેલાં બીજા જાણીતા ગામ

(૧) **રહીમકીબઝાર** એ મશ્હુર ગામ છે. **કચ્છની સરહદ** ઉપર આવેલું છે. એમાંથી ઘણાં શહેરોના વેપારીઓ આવજા કરે છે.

છાછરો તાલુકો

સીમા—ઉતરે **જોધપુરનું** રાજ્ય, પુર્વે **જોધપુર** અને **નગરપારકર** તાલુકો દક્ષિણે **નગરપારકર** અને **મીઠી** તાલુકા અને પશ્ચિમે **ઉમરકોટ** તાલુકા છે.

આ તાલુકો **થરપારકર** જિલ્લાના **થર સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૫૩,૫૦૧ માણસની વસ્તી છે. એ તાલુકો ૮ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **છાછરો** છે. એમાં **મુખત્યારકારી, પોલીસનું** થાણું, **હોસ્પિટલ, સ્કુલ** અને **પોસ્ટ ઓફીસ** છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાંગામ

(૧) ગઢરા, (૨) ચીલીહાર. (૩) પરિનું એમાં ખારૂં પાણી છે તેથી લોકો બે ગાઉ ઉપરથી પાણી લાવે છે.

નગરપારકર તાલુકો

સીમા—ઉતરે **છાછરા** તાલુકો, પુર્વે **જોધપુર**. દક્ષિણે કચ્છનું રણ અને પશ્ચિમે **મીઠી** અને **છાછરા** તાલુકા છે.

આ તાલુકો **થરપારકર** જિલ્લાના **થર સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૪૭,૫૪૮ માણસની વસ્તી છે. એ તાલુકો ૭ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર **નગરપારકર** છે. એમાં **મુખ્ત્યારકારી પોલીશનુ** થાણું, **પોસ્ટ** ઓફીસ, **હોસ્પીટલ,** તથા છોકરાઓ અને છોકરીઓની **નિશાળ** વગેરે છે. **એમાં ઓસવાળ** વાણીઆઓની વસ્તી ઘણી છે. તે લોકો જીવહત્યાથી એટલાતો બીએ છે કે ઝેરી જાનવરોને પણ કદી મારતા કે ઇજા કરતા નથી. એ ઘણું જૂનું ગામ છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગાંમ

(૧) **વીરાવાહ** (૧) **આદીગામ** અને **શીવાલો** (૩) **હાડા** આ ગામમાં **જોધપુરના રાજા** તરફથી એક એલચી રહે છે.

ઉતર સરહદ જિલ્લો

આ જિલ્લો **સિંધને** ઉતર સીમાડે છે. તેથીજ તેનું નામ ઉત્તર સરહદ પાડેલું છે.

સીમા—ઉતરે અને પશ્ચિમે **દેરાજાત** અને **બલુચિસ્તાન,** પુર્વે **સિંધુનદી** અને દક્ષિણે **લાડકાણા** અને **સખ્ખરના** જિલ્લા છે.

એ જિલ્લાની ઘણી ખરી જમીન સપાટ છે અને ઉત્તર તરફનો ભાગ વેરાન છે. જ્યારે પાણી પાય છે ત્યારે ઘણા [illegible] ખેતી થાય છે. મુખ્ય પેદાશ જુવાર બાજરી અને ઘઉં છે. તલ, દીવેલી વગેરે તેલીયાં બીનાં પણ થોડા થાય છે. એ જિલ્લામાં **બેગારી** વાહ, **નુરવાહ, સોનવાહ, ડેઝર્ટ** કે **શાહી વાહ** વગેરે નહેરો છે. આ જિલ્લામાં નદીની રેલ આવવાથી અગાઉ બહુ નુકસાન થતું હતું પણ હાલમાં સરકારે કશમોર આગળ બંધ

બાંધ્યો છે તેથી ઘણો બચાવ થાય છે. સિંધમાં આ જિલ્લાના જેટલી ગરમી બીજે કોઇ સ્થળે પડતી નથી. ઉનાળામાં દિવસે તો ગરમી પડે પણ રાતમાં એ લુ બહુ સખ્ત વાય છે. એ જિલ્લામાં ૨,૭૩,૦૦૭ માણસની વસ્તી છે.

આ જિલ્લાનો રેવન્યુ અમલદાર **ડેપ્યુટી કમીશનર** છે. પણ ઇન્સાફી કે અદાલતના કામોમાં તે તદન **સખ્ખર** જિલ્લાના જિલ્લા **જડજના** હાથ તળે છે. જે **શિકારપુરમાં** રહે છે.

એ જિલ્લાના બે **સબડિવિઝન** પાડેલા છે. **તેમાં** બધા મળીને ૫ તાલુકા છે.

એ જિલ્લાના સબડિવિઝનનાં નામ

(૧) જેકબાબાદ સબડિવિઝન અને (૨) કશમોર સબડિવિઝન.

જેકબાબાદ સબડિવિજનમાં આવેલા તાલુકાનાં નામ

(૧) જેકબાબાદ અને (૨) શાહેદાદકોટ.

કશમોર સબડિવિઝનમાં આવેલા તાલુકાનાં નામ

(૧) ઠુલ, (૨) કશમોર અને (૩) કંઢકોટ.

જેકબાબાદ તાલુકો.

સીમા—ઉતરે બલુચિસ્તાન અને ઠુલ તાલુકો, પુર્વે શિકારપુર અને **નૌશેરો અબરો** તાલુકા, દક્ષિણે શાહેદાદકોટ અને **રતોદેરો** તાલુકા અને પશ્ચિમે બલુચીસ્તાન છે.

આ તાલુકો ઉતર **સરહદ** જિલ્લાના **જેકબાબાદ સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૭૮,૫૪૦ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૬ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં **નુર** અને **બેગારી** વાહા છે.

આ તાલુકાનું મુખ્ય શહેર **જેકબાબાદ** છે અગાઉ **એને ખાનઘડ** કરીને કહેતા પરંતુ **જનરલ જેકબ સાહેબે એને** આબાદ કર્યું તે ઉપરથી તેને હાલમાં **જેકબાબાદ** કહે છે. એમાં લશ્કરની છાવની રહે છે. એ શહેરમાં ચાર ઘડિયાળવાળો એક ટાવર છે તેને **વિક્ટોરીયા ટાવર** કહે છે. તે સિવાય [illegible], જનરલ **જેકબવાળી રેસીડેન્સી** અને કેટલીક ઇમારતો જોવા જેવી છે. એ **શહેરમાં** ડેપ્યુટીકમીશનરની ઓફીસ, **મુખત્યારકાર** અને **સબઓર્ડિનેટ જજની** કોર્ટ **આસિસ્ટન્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની** ઓફીસ, કેન્ટોન્મેન્ટ **માજીસ્ટ્રેટની ઓફીસ, સિવિલ** હોસ્પીટલ, [illegible] **સ્કુલ, હુન્નરી સ્કુલ પોલીસનું** થાણું અને મુસાફરખાનું છે. એમાં **ઘી** અનાજ અને ચામડાનો વેપાર ચાલે છે. એ **શહેર શિકારપુરથી** ૨૪ા માઈલ દૂર રેલ્વેના રસ્તા ઉપર છે ત્યાંનું રેલ્વેસ્ટેશન મોટું છે.

એ તાલુકામાં આવેલાં બીજાં મોટાં ગામ.

(૧) **બુલીદનાબાદ**, એમાં બગીચા છે. (૨ **કુઉરેજા એમાં** ઘઉં બહુ સારા થાય છે, (૩) **થર્ર ખારો એમાં** તલ બહુ **સારા** થાય છે. (૪) **બાંગલો આં** (૫) **આબાદ** એ રેલ્વેસ્ટેશન છે.

શહેદાદકોટ તાલુકો

સીમા ઉતરે—**બલુચિસ્તાન** અને **જેકબાબાદ** તાલુકા, પુર્વે **કંબર** અને **રતોદેરો** તાલુકા દક્ષિણે **કંબર** તાલુકો અને પશ્ચિમે **કાળો** જબલ છે.

આ તાલુકો ઉતર સરહદ **જિલ્લાના જેકબાબાદ સબડિવિઝન**માં આવેલો છે. એમાં ૩૫૧૧૬ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૪ **તપાઓમાં** વહેંચાયલો છે.

એ તાલુકામાં **એબન, મકફુલ્લો** અને **સફ્ખર** વગેરે નહેર છે.

એ તાલુકાનું મુખ્ય **શહેર શહેદાદકોટ** છે. **એમાં** **મુખત્યારકારી,** પોસ્ટ ઓફીસ, સ્કુલ અને **હોસ્પીટલ** વગેરે છે.

એ તાલુકામાંઆવેલા બીજાં જાણીતા ગામ

(૧) **સંજરભટી,** (૨) **અમામબખશજમાલી,** (૩) **બગોદેરો** એમાં સરકારી **બુર્જ** છે.

ડુબ તાલુકો.

સીમા—ઉતરે **બલુચીસ્તાન, પુર્વે** કંડકોટ તાલુકો દક્ષિણે **શિકારપુર** અને **જેકબાબાદ** તાલુકો અને પશ્ચિમે **જેકબાબાદ** તાલુકો છે.

આ તાલુકો ઉતર સરહદ જિલ્લાના **કશમોર સબડિવિઝનમાં** આવેલો છે. એમાં ૫૭,૧૬૯ **માણસની વસ્તી** છે. એ તાલુકો ૧૮ **તપાઓમાં** વહેંચાયલો **છે.**

એ તાલુકામાં એઆરી, સાહી, સોન અને ઉનર વગેરે નહેરો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર કુલ છે. એમાં મુખત્યાર કારી, પોલીસનું થાણું અને સ્કુલ, વગેરે છે. એમાં તંબાકુ સારો થાય છે.

એ તાલુકામાં આવેલાં બીજાં જાણીતાં ગામ

(૧) મીરપુર, (૨) બાહાદુરપુર, (૩) દિલમુરાદ અને (૪) મુબારકપુર વગેરે.

કશમોર તાલુકો.

સીમા—ઉત્તરે દેરાજાન, પુર્વે અને દક્ષિણે સિંધુનદી તથા પશ્ચિમે કંદકોટ તાલુકો છે.

આ તાલુકો ઉત્તર સરહદ જિલ્લાના કશમોર સબડિવિઝનમાં આવેલો છે. એમાં ૪૩,૨૬૮ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૫ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકામાં ઉઝરત, કેશાહી અને મુરાદ વગેરે નહેર છે.

આ તાલુકાનું મુખ્ય શહેર કશમોર સિંધુનદીથી ૨ માઇલ દુર છે. એ જગ્યાએ સિંધુનદીમાં એક મોટો બંધ બાંધ્યો છે એને કશમોરબંધ કરીને કહે છે. એ શહેરમાં મુખત્યારકારી, પોસ્ટ ઓફીસ અને સ્કુલ વગેરે છે.

એ તાલુકામાં આવેલા બીજાં જાણીતા ગામ

(૧) ગુલપુર, (૨) ગબ્બલા, (૩) મીયાણી અને (૪) બાનટ એ ચારે ગામમાં સિંધુનદીની પાર જવા માટે પતણ એટલે હોડીઓ રાખેલી હોય છે. (૫) બડાણી એમાં સરકારી બંગલો અને બગીચો છે.

કંદકોટ તાલુકો.

સીમા—ઉતરે દેરાજાન પુર્વે સિંધુનદી, દક્ષિણે શિ-
કારપુર તાલુકો અને પશ્ચિમે કુલ તાલુકો છે.

આ તાલુકો ઉતર સરહદ જિલ્લાના કશમોર શબડિ વિઝનમાં આવેલો છે. એમાં ૫૨,૯૧૪ માણસની વસ્તી છે. એ તાલુકો ૧૮ તપાઓમાં વહેંચાયલો છે.

એ તાલુકાનું મુખ્ય શહેર બગારી, ઉનર અને રાજ વગેરે નહેર છે,

એ તાલુકાનું મુખ્ય શહેર કંદકોટ છે. એમાં મુખ્યત્યારી, પોસ્ટ ઓફીસ. સ્કુલ, અને પોલીસનું થાણું વગેરે છે.

એ તાલુકામાં આવેલા બીજા જાણીતા ગામ

(૧) ઘઉંટપુર, (૨)હુયબત, (૩) દરી એમાં રવીના પાક સારો થાય છે.

ખઇરપુર સંસ્થાન

સિંધમાં આ એકજ દેશી રાજ્ય છે. એ સખ્ખર અને થરપારકર જિલ્લાની વચ્ચે આવેલ છે. એને મીનોર મુલક પણ કહે છે.

સીમા—ઉતરે સિંધુનદી અને સખ્ખર જિલ્લો, પુર્વે
જેશલમીર, દક્ષિણે થરપારકર જિલ્લો અને
પશ્ચિમે નવાબશાહ જિલ્લો છે.

આ અંગ્રેજ સરકારના તાબાનું દેશી રાજ્ય છે. હીઝ-હાયનેસ મીરઈમામબક્ષ ખાન ટાલપુરના હાથમાં છે. એ રાજ્યની રાજ્યરીતિ અંગ્રેજી રાજ્યના નમુના ઉપર યોજે-

ચલી છે. અદાલતની કોર્ટી જે સજા આપે તે જ્યારે મીરસાહેબ મંજુર કરે ત્યારે અમલમાં આવે છે. મીર સાહેબને પોતાના ગુન્હેગારને ગમે તેવી સજા કરવાની અખત્યારી છે. પરંતુ કોઇ પણ હાકિમ સાથે લડાઇ કે સુલેહ કરવાની ,તેમને અખત્યારી નથી. સખ્ખર જિલ્લાનો કલેકટર આ સંસ્થાનના પોલીટીકલ એજંટ તરીકેનું કામ કરે છે. એ સંસ્થાનનો રાંજ્ય વહીવટ સુધારવા માટે મીર સાહેબે ઇંગ્રેજ;સરકાર પાસેથી પ્રથમ વઝીર ખાનબહાદુર કાદરખાન,સી. આઇ. ઇ. ને લીધેલ હતા. હાલમાં શેખઈમામદીન ખાન સાહેબ વઝીર છે. તેના હાથ નીચે નાયબવઝીર, મુખ્ત્યારકારે, તપેદારો વગેરે છે. તેથી વહીવટ બહુ સારી રીતે ચાલે છે.

આ સંસ્થાનનું ક્ષેત્રફળ ૬૦૫૦ ચોરસ માઇલ અને વસ્તી ૨,૧૩,૭૮૮ માણુસની છે. એ સંસ્થાનનો સિંધુનદી, મીરવાહા, મહેરાબવાહા, અબલવાહા, સાંઠીચુંવાહા અલીબહરવાહા અને પુર્વ નાળાની પાસે આવેલો ભાગ આબાદ છે. બાકીની જમીન રેતાળ છે. તેથી ત્યાં કંઇ થતું નથી. એ સંસ્થાનની મુખ્ય પેદાશ ગળી, પાપડીઓખારો અને લુગડાં ધોવાનો ધુળીઓ ખારો છે, એ સંસ્થાનમાંથી પરદેશખાતે ઘણો પાપડીઓખારો જાય છે. તેના ઉપર મીર સાહેબ દર ઇંટે અઢી રૂપીયા મુજબ જકાત લે છે.

એ સંસ્થાનનું મુખ્ય શહેર ખૈરપુર છે. એ રેલ્વે સ્ટેશન છે, એમાં રંગારાનું કામ સારૂં થાય છે. તેમાં મુખ્ય ગાદલાની ખોળો વગેરે છે. એ શહેરમાં તલવારો

એને બંદુકો પણ બને છે. તે સિવાય એમાં ગાલીચા બનાવવાનું કારખાનું, હુન્નરી સ્કુલ, છોકરા અને છોકરીઓની નિશાળો પોસ્ટ અને તારઓફીસ તથા મીર સાહેબનો મહેલ વગેરે છે.

આ સંસ્થાનના બે ભાગ પાડેલા છે.

(૧) શામાલી કે ઉતરે તરફનો ભાગ. (૨) જનોબી કે દક્ષિણ તરફનો ભાગ.

શામાલી ભાગમાં (૧) ખૈરપુર, (૨) ગંબટ એ બે તાલુકા છે.

જનોબી ભાગમાં (૧) મીરવાહા, (૨) વીહાં (૩) નારો એ ત્રણ તાલુકા છે.

આખા સંસ્થાનનાં ૨૯ તપ્પા પાડેલા છે.

એ સંસ્થાનમાં આવેલા બીજા જાણીતા ગામ

(૧) બરગરીનનું ગામ. (૨) દીજેનું કોટ એને અહમદાબાદ પણ કહે છે એમાં મીર સાહેબ રહે છે. (૩) ગંબટ એ રેલ્વે સ્ટેશન છે. (૪) ખોરા એમાં કાપડ વણાય છે. (૫) રાણીઅપુર એ રેલ્વે સ્ટેશન છે. (૬) ટન્ડા લુકમાન. (૭) ટન્ડા મસ્તીખાન એ રેલ્વે સ્ટેશન છે. એમાં પશ્ચિમે શાહ યારેપીર અને ફઝલનાંગી તથા શેખમકાઇની જગાઓ છે.

સમાપ્ત

કરાચી—ડીગર આઈમાં શ્રી "નેશનલ" પ્રેસમાં [illegible] પરમાનંદજી સીધવાએ છાપ્યું તથા ચેલારામ
ગેમચ. ભોજાએ કરાચીમાં પ્રગટ કર્યું.